**આજનો સુવિચાર**

જે લોકો પર આ દુનિયા હસી રહી હતી તેમણે ઈતિહાસ રચ્યો છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૦ જૂનાગઢ તા.૧૦-૦૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 50, Junagadh : Date : 10 February, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## આજે સંસદમાં ઐતિહાસીક રામમંદિર આભાર પ્રસ્તાવ પસાર કરાશે

નવી દિલ્હી તા. ૧૦

દેશના રાજકારણમાં ઐતિહાસિક બનવા જઈ રહેલી ૧૭મી લોકસભાનાં આજે અંતિમ દિને પણ આ ગૃહ એક તેવોજ ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કરીને અયોધ્યામાં ભવ્ય રામમંદિર નિર્માણ માટે મોદી સરકારનો આભાર માનતા પ્રસ્તાવ પસાર કરાશે અને તેની સાથે જ આજે સંસદના વર્તમાન સત્રનો અંત આવશે અને ૧૮મી લોકસભા ચુંટણીની તૈયારીનું આખરી બ્યુગલ વાગશે.

ભાજપના આ એક સૌથી મોટા પોલીટીકલ સ્ટોકમાં આભાર પ્રસ્તાવના જવાબ આપતા સમયે સંસદના મેજ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જવાબ છેલ્લે દડે છગ્ગો મારીને ચેમ્પીયનશીપ (આગામી ચુંટણી) જીતી લેવા જેવો હશે જે હવે તે નિશ્ચિત છે તો બીજી તરફ વિપક્ષ અને કોંગ્રેસ આ પ્રસ્તાવ સમયે ફસાશે તે પણ નિશ્ચિત છે.

જો પ્રસ્તાવનો વિરોધ કરે તો વિશાળ મતદાર વર્ગમાં એક ખોટો સંદેશ જશે અને ન ભરપાઈ કરી શકાય તેવું રાજકીય નુકસાન નોતરી બેસશે પણ રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં આમંત્રણ છતા ગેરહાજર રહીને જે રીતે કોંગ્રેસે તેની તુષ્ટીકરણની નીતિ હજુ છોડી નથી તે નિશ્ચિત કરાશે અને બન્ને રીતે તે ભાજપના હાથમાં મોટું હથિયાર આપી દેશે.

વડાપ્રધાન મોદીનું આજનું આ વકતવ્ય ખાસ કરીને એક તરફ કરોડો હિન્દુઓને એક મજબૂત સંદેશ હશે તેમાં રામમંદિર નિર્માણ તો કોંગ્રેસ સહિતના પક્ષોએ કરેલા વિરોધ અને હજુ આ પખવાડીયામાંજ અપાયેલા ભારત રત્ન સન્માનમાં જે રીતે દલિત-કિસાન તથા વિજ્ઞાન ક્ષેત્રના લોકોને આવરી લીધા તેના પરથી કોંગ્રેસ તેના જ નેતાઓનું સન્માન કરી શકતી નથી તે ભગવાન રામનું કઈ રીતે સન્માન કરશે તેવો ચાબખો મારશે.

ભાજપ આજે તેના તમામ સાંસદોને હાજર રહેવા વ્હીપ આપ્યો છે. આજના પ્રસ્તાવમાં સંસદનું સત્ર એક દિવસ લંબાવાયું છે. ચુંટણીના સમયે ભાજપ અને મોદી સરકારે તેમના શાસનના રાજયોમાં જેમાં વિધાનસભા હાલ ચાલુ છે તે ગુજરાત સહિતના રાજયોએ આ પ્રકારના પ્રસ્તાવ પસાર કર્યા છે.

## ચાલુ વર્ષનાં અંત સુધીમાં સેન્સેકસ ૮૬ હજારને સ્પર્શી જશે : રોકાણકારોને બખ્ખા થઈ જશે

નવી દિલ્હી, તા.૧૦:

દેશનું શેરબજાર પણ રોકેટની ઝડપે ચાલી રહ્યું છે. વિશ્વના ઉભરતા બજારોમાં ભારતનું બજાર દરેકનું પ્રિય બની ગયું છે. જયારે ચીનનું ગૌરવ ચકનાચૂર થઈ ગયું છે. ચીનના માર્કેટમાં પૈસા રોકવા માટે હવે કોઈ તૈયાર નથી. જયારે જાપાન આ વર્ષે વધુ સારું કરી રહ્યું છે અને આવનારા દિવસોમાં વધુ સારું કરી શકે છે, પરંતુ તે ભારતની સરખામણીમાં કયાંય નથી. હવે અમેરિકાના એક અહેવાલે પણ આ હકીકત સ્વીકારી છે. હકીકતમાં, મોર્ગન સ્ટેનલીના જોનાથન ગાર્નરે પણ સ્વીકાર્યું છે કે વર્ષના અંત સુધીમાં ભારતીય શેરબજારનો સેન્સેકસ ૮૬ હજારના આંકડાને પાર કરી જશે. મતલબ કે સેન્સેક્સમાં વર્તમાન સ્તરથી ૧૫ હજાર પોઈન્ટનો વધારો જોવા મળી શકે છે.

મતલબ કે આગામી ૩૦૦ દિવસમાં શેરબજારમાં લગભગ ૧૬ કરોડ રોકાણકારો દર મિનિટે લગભગ ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરશે. જો મોર્ગન સ્ટેનલીના ગાર્નરને સાચા તરીકે સ્વીકારવામાં આવે તો વાર્ષિક ધોરણે માર્કેટ કેપમાં આશરે રૂા. ૧૦૦ લાખ કરોડનો વધારો જોવા મળશે.

પાકિસ્તાનમાં ઈમરાન સમર્થિત અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં જીત્યા

## પાકિસ્તાનમાં ત્રિશંકુ સંસદ : નવી સરકારની રચના માટે નવાઝ શરીફ - બિલાવલ ભુટ્ટો હાથ મીલાવશે ?



ઈસ્લામાબાદ તા. ૧૦

પાકિસ્તાનમાં વિવાદો અને હિંસાથી ઘેરાયેલી ચુંટણીમાં ગઈકાલથી શરૂ થયેલી મત ગણતરીમાં ૨૬૬ બેઠકોમાંથી ૨૬૫માં યોજાયેલી ચુંટણીનો ત્રિશંકુ સંસદનું સર્જન થયું છે અને બહુમતી માટે ૧૩૩ બેઠકો કોઈપક્ષને નહી મળતા રાજકીય દાવપેચ શરૂ ગઈ ગયા છે. હવે ૨૦ બેઠકોના પરિણામ બાકી છે. જયારે જાહેર થયેલા પરિણામોમાં ઈમરાનખાનની પાકિસ્તાન તહેરીક એ ઈન્સાફ પાર્ટી જે સમર્થીત અપક્ષોએ ૯૯ બેઠકો જીતી છે જયારે પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફની પાકિસ્તાન મુસ્લીમલીગને ૬૪ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને ૫૧ બેઠકો મળી છે તે છતાં નવાઝ શરીફ દેશમાં સરકાર બનાવવાનો દાવો રજુ કરતા હવે સૈન્ય અને ન્યાયપાલિકા પર મીટ મંડાયેલી છે. બીજી તરફ હાલ જેલમાં રહેલા પુર્વ વડાપ્રધાન ઈમરાનખાને ચુંટણીમાં ગેરરીતિ અને બહુમતી નહી હોવા છતાં સરકાર રચવાના શરીફના દાવો સામે આક્રોશ વ્યકત કરીને લોકચૂકાદા સાથે છેતરપીંડી થઈ રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ચૂંટણી પરિણામો પર નજર કરીએ તો, ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોએ સૌથી વધુ બેઠકો જીતી છે. છેલ્લા અપડેટ્સ અનુસાર, તેમને ૧૦૦ બેઠકો મળી છે.

પાકિસ્તાન મુસ્લીમ લીગ-નવાઝને ૭૧ બેઠકો મળી હતી, જ્યારે વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોના પુત્ર બિલાવલ ભુટ્ટો ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને ૫૩ બેઠકો મળી છે. અત્યાર સુધીમાં ૨૬૪માંથી ૨૩૬ બેઠકોના પરિણામ જાહેર થઈ ચૂકયા છે. સત્તા મામલે ગતરાત્રીથી પાકિસ્તાનમાં ભારે હંગામો ચાલી રહ્યો છે, જ્યારે મહત્વપૂર્ણ બેઠકો પણ સતત ચાલી રહી છે.

## ૧૪ ફેબ્રુઆરીનાં રોજ દુબઈમાં વર્લ્ડ ગવર્મેન્ટ સમિટ : વડાપ્રધાન મોદી સંબોધન કરશે

મુંબઈ,તા.૧૦: દુબઈમાં 'વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ' ૨૦૨૪ યોજાશે. આ ઈવેન્ટમાં વિશ્વની તમામ પ્રખ્યાત હસ્તીઓ શામેલ થશે. મીડિયા રિપોર્ટ અનુસાર આ યાદીમાં પ્રધાનમંત્રી મોદી અને સુપરસ્ટાર શાહરૂખ ખાન, તુર્કીના પ્રધાનમંત્રી અર્દોગાન, કતરના શેખ મોહમ્મદ બિન હમદ અલ તાહનીનું નામ શામેલ છે. દુબઈમાં ૧૪ ફેબ્રુઆરીના રોજ આ ઈવેન્ટ યોજાશે.

'વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ'માં બોલીવુડના સુપરસ્ટાર શાહરૂખ ખાનની સ્પીચ પણ હશે. આ સ્પીચ ૧૫ મિનિટની હશે. આ ખાસ અવસરે શાહરૂખ ખાન 'મેકિંગ ઓફ અ સ્ટાર'થીમ પર સ્પીચ આપશે. આ ચર્ચાને 'મેકિંગ ઓફ અ સ્ટાર: અ કન્વર્સેશન વિથ શાહરૂખ ખાન'નામ આપવામાં આવ્યું છે. શાહરૂખ ખાન તેમના સ્ટારડમ અને લાઈફ જર્ની વિશે જણાવશે. પ્રધાનમંત્રી મોદી પણ આ સમિટમાં સંબોધન કરશે.

## ટંકારામાં મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી શરૂ

ટંકારા તા. ૧૦

ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦ મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી શરૂ થઈ ગઈ છે અને ખાસ કરીને કરસનજી કા આંગણ નામથી ટંકારા પાસે વિશાળ જગ્યામાં યજ્ઞ શાલ સહિતની સુવિધા ઊભી કરવામાં આવી છે અને આજે સવારે ટંકારમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીના જન્મ સ્થળેથી ભવ્ય સરઘસ નિકળ્યું હતું.

ત્યાર બાદ યજ્ઞ શાળામાં યજ્ઞ કરવામાં આવ્યો હતો બાદ ગુજરાતનાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનાં હસ્તે મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦ મી જન્મજયંતીના ભવ્ય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવાં આવ્યું હતું આ કાર્યક્રમમાં આવતીકાલે દેશના વડાપ્રધાન વર્ચ્યુયલ જોડાવાના છે અને છેલ્લા દિવસે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ હાજર રહેનાર છે.

## સમાચાર રાઉન્ડ અપ

- અમેરીકામાં વધુ એક ભારતીય મુળના વ્યકિતની કરપીણ હત્યા
- બનાસકાંઠામાં રોગચાળાને કારણે એક-એક ગામમાં ૫૦૦ પશુઓનાં મોત
- ૨૦૫૦ સુધીમાં વિશ્વની ૩ અબજની વસ્તી સામે પાણીની ગંભીર અછત સર્જાશે
- આગામી રામનવમીનાં દિવસે અયોધ્યામાં ૧ કરોડ ભકતો દર્શન માટે આવવાની ધારણા : તંત્ર તૈયારીમાં વ્યસ્ત
- ગુજરાતમાં ૧ વર્ષમાં રૂા.૧૩૯ કરોડનાં ટ્રાફીક ચલણ દંડ વસુલ કરાયો : દેશમાં ત્રીજા સ્થાને
- દેશમાં ૮૨ ટકા રહેણાંક સોલાર રૂફ ટોપ માત્ર ગુજરાતમાં
- ગુજરાત પોલીસે છેલ્લા બે વર્ષમાં રૂા. ૫૩૩૮ કરોડની કિંમતનું ૩૨૫૯૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યુ

**નિયમીત મળશે**

ડૉ. બબીતા હપાણી
M.D.,D.M. (Oncology)
ઓન્કોલોજીસ્ટ - હિમેટોલોજીસ્ટ
કેન્સર તથા લોહી રોગના નિષ્ણાત

તા. ૧૨.૨.૨૦૨૪ ને સોમવારથી નિયમીત મળશે

પ્રગતિ હોસ્પિટલ
૧૨-મનહર પ્લોટ, મગળા રોડ, રાજકોટ.
ફોન : ૨૪૮૩૨૪૮ મો.૯૯૭૯૭ ૧૨૨૨૨

Vaibhav

**હાર્દિક શુભેચ્છા....**

મો. ૯૯૨૫૫ ૧૧૯૯૭
ફોન (૦૨૮૫) ૨૬૨૨૭૩૫

દિનેશ એજન્સી

Dabur, ZANDU, Baidyanath, SANDU, Hamdard, SHREE SHANKAR Ayurvedic pharmacy

ડાબર, બૈદ્યનાથ, ઝંડુ, હમદર્દ, સાંડુ, શ્રીશંકર, ઉંજા તેમજ રસાશ્રમ ફાર્મસીની દવાઓ તથા હેર ઓઈલના વેપારી.

આઝાદ ચોક, મ્યુ. દુકાન નં. ૨-૩, જૂનાગઢ

**દાણાપીઠમાં મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું,૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.

: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

**સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક**

૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં

સી.સી. પડદાવાળા

18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫






# શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના ૧૫૦૦થી વધુ કારસેવકોનું વિશ્વ ઉમિયાધામ ખાતે આજે અભિવાદન કાર્યક્રમ



## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એવમ વિશ્વ હિન્દુ પરિષદ અને અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૦

સદીઓની કષ્ટદાયક પ્રતિક્ષાનો અંત આવ્યો. પ્રભુ શ્રી રામલલ્લા પોતાના જન્મસ્થાન ઉપર પુનઃ પ્રતિષ્ઠિત થયા. આ અવસર છે - અનેરા આનંદનો, ગૌરવાન્વિત થવાનો. - ભારતીય અસ્મિતાના પુનઃ જાગરણનો. શ્રી રામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના હુતાત્મા સંતો, ભક્તો, કારસેવકોના સાદર ઋણ સ્વીકારનો પણ છે. આ અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એવમ અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે 'કારસેવકોના અભિવાદન સમારોહ'નું આયોજન સંતો - મહંતો તેમજ સામાજીક અને રાજકીય મહેમાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે, જેમાં ૩૦ ઓક્ટોબર ૧૯૯૦ તથા ૬ ડિસેમ્બર ૧૯૯૨ માં અયોધ્યા રામ જન્મભૂમિ મુક્તિ અભિયાનમાં જોડાયેલા ૧૫૦૦થી વધુ કારસેવકોનું આજ તા. ૧૦-૨-૨૦૨૪, શનિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે આસ્થા ,એકતા અને ઊર્જાનું ધામ સમા વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ ખાતે કાર સેવક અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

આ સમારોહ અંગે વાત કરતા વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર.પી.પટેલ જણાવે છે કે સન ૧૯૮૪માં શ્રી રામ જન્મભૂમિ મુક્તિ આંદોલન સમિતિની રચના થઈ અને ૧૯૮૫ રામજાનકી રથયાત્રાનું (જનજાગરણ) આયોજન અને ત્યારબાદ તા. ૦૯-૧૧-૧૯૮૯ માં સતત ૪૦ દિવસ સુધી કારસેવકોની સતત મહેનતથી રામશીલાનું – ગામે ગામ અભિયાન ચલાવવામાં આવેલ. ૫૦૦ વર્ષની સંઘર્ષ બાદ પ્રભુશ્રી રામ લલ્લા નિજ મંદિરમાં બિરાજમાન થયા છે. આ પ્રભુશ્રી રામ લલ્લાને બિરાજમાન કરવાની ક્ષણના આપણે સાક્ષી બન્યા છીએ એ આપણું સૌભાગ્ય છે. સનાતન ધર્મની મહતાને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવા કારસેવકોની મહેનત સાથે સમગ્ર હિન્દુ સમાજની લાગણી જોડાયેલ છે.રામ જન્મભૂમિ આંદોલનમાં જે તે સમયે ભાગ લેનાર કાર સેવકોના બલિદાન એવમ તેમની લડતના કારણે આપણે પ્રભુ શ્રી રામ લલ્લાની પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરી શક્યા છીએ.

આ અંગે વધુમાં અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ પુ. પૂ સક્ષમ્ કુવેરાચાર્ય જગદ્ગુરૂ શ્રી અવિચલદેવાચાર્ય મહારાજ એ જણાવેલ છે કે શ્રીરામ જન્મભૂમિ આંદોલનનો હું પણ કારસેવક હતો. અને આજે મને ખુશી છે કે પ્રભુશ્રી રામ નિજ મંદિરમાં બિરાજમાન થયા તે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ક્ષણનો સાક્ષી બન્યો છું. તે મારે માટે ગૌરવની વાત છે અને આજે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ એવમ અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'કારસેવક અભિવાદનના અધ્યક્ષના સ્થાને પણ હું છું માટે વિશ્વ ઉમિયાધામના પ્રમુખ આર. પી. પટેલ તેમજ તેમની ટીમ દ્વારા કારસેવક અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરાયેલ છે તે માટે હું તમામનો આભારી છું. પરંતુ રામ મંદિરના નિર્માણથી લઈને નિયત સમયમાં પ્રભુશ્રી રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સનાતન વૈદિક ધર્મના વિધિ વિધાન મુજબ ઉજવણી કરવામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રચંડ ઈચ્છા શક્તિ અને અટલ નિર્ણય શક્તિ એ મહત્વનો ભાગ ભજવેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ દિવસનું તપ કરીને એક સંત તરીકેનીની ભૂમિકામાં રહીને જે કાર્ય કર્યું છે તે દેશ માટે ગૌરવની વાત છે.

# સોમનાથ ખાતે રાજ્યના ગ્રંથપાલોનો સેમિનાર યોજાયો



(પ્રતિનિધી દ્વારા)


પ્રભાસ- પાટણ, તા.૧૦

ગુજરાત પુસ્તકાલય મંડળ-વડોદરા અયોજીત ગુજરાતના ગ્રંથપાલોની ત્રિ- દિવસીય સેમિનારનું ગઈકાલે સોમનાથ ખાતે ટુરિસ્ટ ફેસીલીટી ઓડીટેરીયમ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેમિનારમાં ગુજરાતભરના ગ્રંથપાલો પ્રમુખ- મંત્રીઓ ઉપસ્થિત રહ્યા છે.આ સેમિનારમાં સાર્વજનિક પુસ્તકાલયને ચલાવવા માટેની માહિતી તેમાં ઉત્તરોતેર સુધારો કરવો અને તેને 'ઈ' લાયબ્રેરી બનાવવી અને જાહેર ગ્રંથાલયનો વિકાસ માટે પુસ્તક મેળવણું કમી કરવું અને ગ્રંથાલયની વિસ્તરણ પ્રવૃતિઓ માટે ગ્રંથપાલાને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના અને દીપ પ્રાગટયથી થયો. સમારંભ અધ્યક્ષ ડો.પ્રતાપસિંહજી ચૌહાણ, કૂલપતિ ગોવિંદગુરૂ યુનિવર્સિટી- ગોધરા ઉદ્‌ઘાટક ડો. પંકજભાઈ ગોસ્વામી- નિયમક ગ્રંથાલય કચેરી- ગાંધીનગર અને અતિથિ વિશેષ સુકાન્તકુમાર સેનાપતિ- કુલપતિ-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તેમજ સોમનાથ ટ્રસ્ટ ટ્રસ્ટી- જે.ડી. પરમાર અને જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા રહ્યા સાથોઅ સાથ જાહેર ગ્રંથાલયનો વિકાસ માટે રાજા રામ મોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન યોજનાનો પરિચય અપાયો સેમિનારને સંબોધન ડો. પ્રતાપસિંહ ચૌહાણે જણાવ્યું કે ''આજે સરકારે જયારે ગ્રંથલયો માટેની ગ્રાન્ટ ૩૨ કરોડથી વધારી ૧૪૦ કરોડ જેટલી કરી છે ત્યારે આપણા પ્રશ્નનો વાંચન કેવી રીતે વધે અને સારા પુસ્તકો કેવી રીતે વધે તે કરવાની ખાસ જરૂર છે. વાંચન સમૃધ્ધ ગુજરાતને બનાવી આપણે ભારતન વડપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરીશું.

આ સદીમા ભલે આપણે વિકસીત થઈ જઈએ પણ સંસ્કાર અને સંસ્કૃતિ નહીં જાળવીએ તો વિશ્વ ગુરૂની કલ્પનામાં આપણે પાછા પડીશું. દ્રષ્ટી, વૃત્તિ, નિષ્ઠા- સદ્‌ગુણો- પ્રકૃતિ અને સ્વભાવ સારો રાખી હરિકૃપાથી આપણને જે કામ મળ્યું છે તેને દિપાવીયેં અને અદ્યતન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીએં. માત્ર વિદ્યાર્થીઓ અને વાંચકો જ નહીં શિક્ષક પણ ગ્રંથાલયમાં પુસ્તક વાંચવા-લેવા-દેવા જતા હોય તેવી સ્થિતી આપણે નિર્માણ કરવાની છે. જે ક્ષેત્રમાં આપણે કામ કરી રહ્યા છીએ તેમાં હરિની કૃપા જ છે. માટે લોકો ઉપર દયા થાય કોઈને પીડન થાય તેવી પ્રાપ્ત થયેલી આ સેવાને વધુ સુંદર બનાવીયેં. આ સેમિનારમાં ગ્રંથાલયમાં પુસ્તકો-વાંચકોનો સમન્વય પ્રચાર- પ્રસાર, અનુદાનના નિયમો. સાર્વજનિક ગ્રંથાલયમાં નિભાવવાના થતા રેકોર્ડની જાણકારી વિગેરે વિષયો આવરી લેવાયા

# શ્રી ખોડલધામ મહિલા સમિતિ રાજકોટ દ્વારા કેન્સર જાગૃતિ અંગે સેમિનાર યોજાયો




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૦

શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડના નેજા હેઠળ કામ કરતી શ્રી ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ શહેર દ્વારા વિવિધ સેવાકીય કાર્યો અને વિવિધ કાર્યક્રમોનું સમયાંતરે આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે ગઈકાલે તારીખ ૮ ફેબ્રુઆરી ને ગુરુવારના રોજ રાજકોટ શહેરમાં શ્રી ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ શહેર દ્વારા કેન્સર જાગૃતિ અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ શહેર અને કુંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન (ડિવીઝન ઓફ રાજકોટ કેન્સર સોસાયટી શ્રી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ, રાજકોટ) દ્વારા રાજકોટ શહેરના સરદાર પટેલ ભવન ખાતે કેન્સર જાગૃતિ સેમિનારનું આયોજન કરાયું હતું. આ સેમિનારમાં નિષ્ણાતો દ્વારા સ્તન કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર, મોઢાનું કેન્સર, ફેફસાનું કેન્સર અને કિડની જાગૃતિ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ફ્રી હિમોગ્લોબીન, બીપી અને સુગર નિદાન પણ કરી આપવામાં આવ્યું હતું. આ કાર્યમાં બી.ટી.સવાણી હોસ્પિટલ- રાજકોટનો પણ સહયોગ મળ્યો હતો.

આ સેમિનારમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહીને કેન્સર અંગેની માહિતી મેળવી હતી. આ સેમિનારને સફળ બનાવવા શ્રી ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ શહેરની બહેનોએ ભાર જહેમત ઉઠાવી હતી.

## શ્રીકષ્ટભંજનદેવ દાદાને કેસુડાના દિવ્ય શણગાર એવં ધાણી,ખજુર-ડાળીયાનો અન્નકૂટ



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૧૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી આજરોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને કેસુડાના વાઘા ધરાવી દાદાના સિંહાસનને શણગાર કરી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. બપોરે ૧૧:૪૫ કલાકે દાદાને ધાણી,ખજુર-ડાળીયા-તલના લાડું-મમરાના લાડુ-સીંગપાક વિગેરેનો અન્નકૂટ ધરાવવામાં આવેલ તેમજ મંદિરના પરિસર મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના દર્શન-અન્નકૂટ-આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

### અવસાન નોંધ

માળિયા હાટીના નિવાસી શ્રી નવલશંકર પરમાનંદદાસ જોષી ઉંમર વર્ષ ૭૮ તે કેતનભાઈ, મીતાબેન, પ્રજ્ઞાબેન, સુધાબેન, જાગુબેન ના પિતાશ્રી તથા સ્વ. હરિશંકરભાઈ, સ્વ. જયશંકરભાઈ, સ્વ. બટુકભાઈ, પ્રફુલભાઈ, હકુભાઈ, જેન્તીભાઈના ભાઈનુ તારીખ ૦૯/૦૨/૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેમના નિવાસ સ્થાન કન્યા વિદ્યાલય રોડ, મેઈન બજાર માળિયા હાટીના ખાતે રાખેલ છે.


''આપના શુભ પ્રસંગોને યાદગાર બનાવવાની જવાબદારી
કાડીયાવાડી, પંજાબી, ચાઈનીઝ અને સાઉથ ઈન્ડીયન સ્વાદીષ્ટ વાનગીઓના કેટરર્સ ઓર્ડર માટે સંપર્ક કરો
પુષ્પક કેટરર્સ & લાઈવ પાર્સલ પોઈન્ટ
લેખરાજ ચોક, સરદારપરા મેઈન રોડ, જૂનાગઢ
અન્નાભાઈ
મો. નં. ૭૭૩૨૮ ૨૧૫૪૦

ઘરકામ માટે બહેનો જોઈએ છે
ઘરકામ માટે ૨ બહેનો જોઈએ છે. આખો દિવસ, ઉંમર ૪૫ વર્ષ જૂનાગઢ
મો. નં. ૮૨૦૦૭ ૪૯૨૯૮

લેડીઝ અથવા જેન્ટસ સ્ટાફની જરૂર છે
પરચુરણ કામ તથા કોમ્પ્યુટર કામ કરી શકે તેવા લેડીઝ અથવા જેન્ટસ સ્ટાફની જરૂર છે
મગનલાલ સુંદરજી
હવેલી ગલી, જૂનાગઢ

દરેક ધંધાને લાયક જગ્યા
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક દુકાનો ૧૪૦૦ સ્કેવર ફુટ વેચવાની છે
મો. નં. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

ફલેટ ભાડે આપવાનો છે
જૂનાગઢમાં તળાવ દરવાજા પાસે જૈન દેરાસર પાસે બીજા માળે, મોટો હોલ, બે રૂમ, ફુલ હવા ઉજાસ ટીપટોપ કન્ડીશનનો ફલેટ ભાડે આપવાનો છે
:: કોન્ટેક ::
મો. ૭૬૯૮૬ ૧૦૨૩૦

મહાશિવરાત્રીનાં મેળામાં ૫ દિવસ
૧૦ X ૧૨ સાઈઝમાં ફુલ LED સ્ક્રીનમાં ફોટો અથવા વિડીયો જાહેરાત આપો.
: કોન્ટેક :
મો. ૭૪૮૭૯ ૨૮૨૭૨


નાઈટમાં મેનેજર જોઈએ છે
હોટલ સોમનાથ
રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
રૂબરૂ મળો
સવારે ૧૦ થી ૧૨

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

જલજીત આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦
૨૫૧૨૩

સ્પે. રજબની રોટ
માત્ર રૂા. ૨૪૦માં કિલો
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ભાડાના મકાનને બાય બાય... જૂનાગઢના જગદીશભાઈ બામરોલીયાને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળ્યું પાકું આવાસ

જૂનાગઢ, તા.૧૦

પ્રધાનમંત્રી આવાસ યોજનાના માધ્યમથી સેંકડો લોકોને પાકી છત મળી છે અને પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. તેવા જ એક જૂનાગઢ શહેરના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી છે, જેમને આ યોજના હેઠળ પાકું આવાસ મળતા તેમની ઘણી હાડમારીઓ દૂર થઈ છે.



પ્રધાનમંત્રી આવાસ યોજનાનો જેમને લાભ મળ્યો છે, તે શ્રી જગદીશભાઈ વલ્લભભાઈ બામરોલીયા પોતાની માલિકીના પાકા મકાનમાં જૂનાગઢ શહેરના વોર્ડ નં.-૭માં રહે છે.

જગદીશભાઈ કહે છે કે આ પાકું મકાન બન્યા પૂર્વે એક ભાડાના મકાનમાં નિવાસ કરતા હતા, ખૂબ તકલીફો અને હાડમારીઓ વેઠવી પડતી હતી. સામાન્ય આવક વચ્ચે મકાનનું ભાડું ભરવું પડતું. તેવા સમયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના વિશે સ્થાનિક આગેવાન દ્વારા જાણકારી મળી. જેથી આ આવાસ યોજનાનો લાભ મેળવવા માટે જૂનાગઢ મહાનગરપાલિકામાં અરજી ફોર્મ આપ્યું. જે મંજૂર પણ થઈ ગયું.

આ આવાસ યોજના હેઠળ કુલ રૂ.૩.૫૦ લાખની મતદાર

### પાકું આવાસ બનાવવા રૂા.૩.૫૦ લાખની સહાય મળતા જગદીશભાઈની હાડમારીઓ દૂર થઈ

સહાય કેન્દ્ર રાજ્ય સરકાર દ્વારા મળી. તેમ જણાવતા જગદીશભાઈ કહે છે કે, સામાન્ય માણસોને આ સહાય મળવાથી તેમનું પાકું આવાસ બનાવવાનું સ્વપ્ન સાકાર થાય છે. તેમણે પાકા આવાસ મળવાની ખુશી વ્યક્ત કરતા કેન્દ્ર -રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. જગદીશભાઈ હાલ પત્ની-બાળકો પોતાના પાકા આવાસમાં ખુશહાલ રીતે નિવાસ કરી રહ્યા છે.

# માણાવદર તાલુકાના કાનુલાલ ઠાકરનું પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજના તરીકે હાલ કાર્યરત છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ દ્વારા ૨૦૧૬ના સર્વેના આધારે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આવાસનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત લાભાર્થી કાનુલાલ બાબુલાલ ઠાકર કે જેઓ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના પાદરડી ગામના રહેવાસી છે. તેઓનું નામ આ યોજનાના આવાસ પ્લસ ની યાદીમાં આવતા સરકારશ્રીની આ ફ્લેગશીપ યોજના અંતર્ગત તેમને નાનડિયા ખાતે આવાસ ફાળવવામાં આવેલ છે.



લાભાર્થી કાનુલાલ બાબુલાલ ઠાકરે જણાવ્યું હતું કે, હું જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના પાદરડી ગામમાં રહું છું. પહેલાં મારે કાચું ઘર હતું. ચોમાસા દરમ્યાન નળિયા વાળા મકાન હોવાથી પાણી ટપકતું હતું. જેના કારણે ખૂબ મુશ્કેલી પડતી હતી. મૂળભૂત રીતે હું ખેતી ની કામગીરી સાથે સંકળાયેલ છું તેમાં કામ કરીને મારો જીવનનિર્વાહ ચલાવું છું. અમે પરિવારમાં ૪ (ચાર) સભ્યો છીએ. બે બાળકો અભ્યાસ કરે છે.હું પરિવારમાં એકમાત્ર વ્યક્તિ છું જે કમાણી કરે છે અને આખું કુટુંબ મારા પર જ નિર્ભર છે. ખેતી કામ કરીને હું મારું ગુજરાન મુશ્કેલીથી ચલાવું છું.

પ્રધાનમંત્રીની આ આવાસ યોજના કે જેનું લક્ષ્ય સૌના માટે ઘર આપવું છે એ અમારા જીવનમાં એક વરદાનરૂપ સાબીત થઈ છે. તેમણે ઉમેર્યુ હતું કે, મારું નામ આવાસ પ્લસ ના સર્વેક્ષણ ડેટામાં હતું. અને હું "સ્છરૂ-૨ તરીકે ઓળખાતી નવી લોન્ચ થયેલી આવાસ યોજનાના અન્ય માપદંડ પૂરા કરી રહ્યો હોવાથી મને વર્ષ ૨૦૨૨ – ૨૩ માં પાક્કા મકાનનો લાભ મળ્યો છે. જેના કારણે સમાજમાં મારી પ્રતિષ્ઠા વધી છે અને કાચા મકાનના કારણે જીવનનિર્વાહમાં જે કાંઈ તકલીફો હતી તે દૂર થઈ છે. આ યોજના હેઠળ મને પહેલા હપ્તામાં રૂા.૩૦,૦૦૦/- બીજા હપ્તામાં રૂા.૮૦,૦૦૦/- અને છેલ્લા હપ્તા પેટે રૂા.૧૦,૦૦૦/- આપવામાં આવ્યા. વધુમાં શૌચાલયના રૂા.૧૨,૦૦૦/- અને મ-નરેગા યોજના અંતર્ગત ૯૦ દિવસની મજુરી પેટે રૂા.૨૩,૦૪૦/- ચૂકવવામાં આવ્યા. આમ કુલ રૂા.૧,૫૫,૦૪૦/-ની સહાય આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ યોજના અમારા જેવા ગરીબો અને આર્થિક રીતે નબળા લોકો માટે ખૂબ ઉપયોગી છે. હવે હું ચિંતામુક્ત છું. અમે સરકારને કારણે આનંદ સાથે શાંતિપૂર્ણ જીવન જીવી રહ્યા છીએ. જે બદલ ભારત સરકારનો અને ગુજરાત સરકારનો હું હંમેશા આભારી છું.

# નેશનલ કોઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની જનરલ કાઉન્સીલમાં સહકારી અગ્રણી ડોલરભાઈ કોટેચાની વરણી : અભિનંદનની વર્ષા

જૂનાગઢ, તા.૧૦

રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ **(NCDC)**ની સ્થાપના ૧૯૬૩ માં સહકાર મંત્રાલય હેઠળ કરવામાં આવેલ.જેની જનરલ કાઉન્સિલમાં ૫૩ સભ્યોનો સમાવેશ થાય છે અને અધ્યક્ષતા મા. કેન્દ્રીય સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ કરે છે. આ સંસ્થાનું સંચાલન રાષ્ટ્રીય સ્તરે અધિકારીઓ તેમજ પ્રતિષ્ઠિત સહકારી અગ્રણીઓ ની વિઝનરી ટિમ કરી રહી છે. કેન્દ્ર સરકારે નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન **(NCDC)** બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને જનરલ કાઉન્સિલની પુનઃરચના માટે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ બંને સંસ્થાઓની દર ત્રણ વર્ષ પછી પુનઃરચના કરવામાં આવી છે, જેમાં ગુજરાત અને




ખાસ કરી સોરઠ માટે ગૌરવ લઈ શકાય એમ સહકારી અગ્રણી શ્રી ડોલરભાઈ કોટેચાની વરણી કરવામાં આવી છે. જૂનાગઢ કોકો બેક્ના પૂર્વ ચેરમેન તેમજ **NAFCARD** અને ખેતી બેક્ના ચેરમેન તરીકે સેવા આપતા ડોલરભાઈને રાજકીય - સામાજિક આગેવાનો અભિનંદનનો ધોધ વરસાવી રહ્યા છે.

આ નવી ટીમમાં વિવિધ કેટેગરીના લોકોનો સમાવેશ થાય છે. **NCDC** જનરલ કાઉન્સિલમાં કેટલાક નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે જેમાં, સતીશ મરાઠે (જેઓ ઉદય જોશીનું સ્થાન લઈ રહ્યા છે), સહકાર ભારતીના પ્રમુખ ડીએન ઠાકુર, **NDDB**ના અધ્યક્ષ મીનેશ શાહ, ઓડિશા એસટીસીબીના અધ્યક્ષ પ્રસાદ ડોરા સહિત અન્યનો સમાવેશ થાય છે. નેશનલ કોઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાના પ્રમુખ દિલીપભાઈ સંઘાણી, નાફેડના ચેરમેન બિજેન્દ્ર સિંહ, અને અન્યો પણ **NCDC**ની જનરલ કાઉન્સિલમાં નામાંકિત છે. આ દરેકને અભિનંદન પાઠવવા સાથે ડોલરભાઈએ રાષ્ટ્રીય વિકાસમાં પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સહકારી ક્ષેત્રમાં ઉત્પાદન, પ્રક્રિયા, માર્કેટિંગ, સંગ્રહ, નિકાસ અને કૃષિ પેદાશો માટે આયોજન, પ્રોત્સાહનના નવા કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવશે. તેમજ ખાતરો, જંતુનાશકો, કૃષિ મશીનરી, ઉપભોક્તા પુરવઠો અને સંગ્રહની પ્રક્રિયા સુગઠિત થશે. સહકારી સંસ્થાઓ દ્વારા ખેતી ઉપરાંત પશુપાલન , વન પેદાશો, ડેરી, મત્સ્યઉદ્યોગ, રેશમ ઉછેર, હેન્ડલૂમ વગેરેને સાંકળી લઈ મા. વડાપ્રધાનના વિઝન એવા કૃષિકારોની આવક બમણી કરવાનું લક્ષ્ય સાધવામાં આવશે.

# રાજ્યના ૩૦ ભાઈઓ તથા બહેનોએ ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ પૂર્ણ કર્યો

જૂનાગઢ, તા.૧૦

રાજ્ય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે, પંડિતદીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત, ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ તા. ૩૧/૦૧/૨૦૨૪ થી તા.૦૯/૦૨/૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજવામાં આવેલ. જેમાં રાજ્યના કુલ ૩૦ શિબિરાર્થીઓ એ ભાગ લીધો હતો.



આજે ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ નો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ મેયર ગીતાબેન પરમાર જૂનાગઢ, એ.એ.ભાલીયા ઈન્ચાર્જ મદદનીશ વન સંરક્ષક વનવિભાગ જૂનાગઢ, રાજેન્દ્રસિંહ જાડેજા માનદ પ્રશિક્ષક તથા પ્રાકુતિક પ્રશિક્ષક, કે.પી. રાજપૂત, ભૂતપૂર્વ આચાર્ય સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા,માઉન્ટ આબુ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ દ્વારા શીબીરાથીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

શાબ્દિક સ્વાગત ઉપેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતુ. તાલીમાર્થી નરેશ ચૌધરી, મહેશ મજેઠીયા, રવિ રાઠવા, ખુશાલી સુરાની, આદિત્ય પાટીલ એ તેમના અભિપ્રાયો વ્યક્ત કરતા જણાવ્યું કે, આવી શિબિર કરવાની કોઈ ઉમંર નથી હોતી તથા આવા કાર્યક્રમો આગળ પણ થાય અને લોકોમાં વન્યજીવો પ્રત્યે જાગૃતતા કેળવાય તથા પર્યાવરણ વિષે વધુ ને વધુ માહિતી મળે તે જરૂરી છે.

કાર્યક્રમના અધ્યક્ષ મેયર ગીતાબેન પરમાર એ તાલીમાર્થીઓને ગિરનાર ની મહિમા અને તેની આધ્યાત્મિકતા વિષે જણાવ્યું હતુ. એ.એ.ભાલીયા ઈન્ચાર્જ મદદનીશ વન સંરક્ષક વનવિભાગ જૂનાગઢ એ તાલીમાર્થીઓ ને વન્યજીવો વિષે માહિતી આપતા જણાવ્યું કે વન્યજીવો ની કેળવણીમાં વનવિભાગ તથા જે તે જંગલ વિસ્તાર ના ગ્રામ્ય ખેડૂતો અને માલધારીઓ નું ઘણું યોગદાન હોય છે. વન સંરક્ષણ અને પર્યાવરણ જાળવણી જેવી પ્રવૃત્તિ માં પર્વતારોહણ કેન્દ્રના તાલીમાર્થીઓ ભવિષ્યમાં પોતાનો મહત્વનો રોલ અદા કરશે તથા લોકોમાં એ અંગેની જાગ્રુતતા ફેલાવશે.

રાજેન્દ્રસિંહ જાડેજા માનદ પ્રશિક્ષક તથા પ્રાકુતિક પ્રશિક્ષક કે જેઓ છેલ્લા ૫૮ વર્ષથી આ ફિલ્ડ સાથે જોડાયેલ છે તેઓએ પર્યાવરણ ના વિવિધ ઘટકો એકબીજા થી કઈ રીતે સંકળાયેલ છે તથા બધાનો પર્યાવરણની જાળવણી માં શું મહત્વ છે તેમની માહિતી આપી હતી. કે.પી. રાજપૂત એ તાલીમાર્થીઓ ને ભૂતકાળમાં જે ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ ના કાર્યક્રમો થયા તે વિષે માહિતી આપી હતી. કાર્યક્રમની આભારવિધિ રામ ચન્દ્રવાડીયા કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રિયા મ્યાત્રા અને ઉમંગ વેકરીયા એ કર્યું હતું.

### ભેંસાણના વાંદરવડ ગામે પીવાના પાણી માટે રૂા.૨૩.૯૮ લાખના ખર્ચે નિર્મિત થનાર

# વાસ્મો યોજનાનું ખાતમુહૂર્ત કરતા જીલ્લા પંચાયતના પ્રમુખ જહરેશભાઈ ઠુંમર

### ગ્રામજનોની પીવાના પાણીની વ્યવસ્થાઓ વધુ સુદ્રઢ બનશે



જૂનાગઢ, તા.૧૦

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરે ભેંસાણના વાંદરવડ ગામે પીવાના પાણી માટે રૂ.૨૩.૯૮ લાખના ખર્ચે નિર્મિત થનાર વાસ્મો યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આમ, પીવાના પાણીના હયાત ઘટકોમાં ઉમેરો થતા ગ્રામજનોની પીવાના પાણીની વ્યવસ્થાઓ વધુ સુદ્રઢ બનશે.

વાંદરવડ ગામે આ યોજના હેઠળ પીવીસી પાઈપ લાઇન, પંપીંગ મશીનરી, પંપ હાઉસ, નળ જોડાણ, પાવર કનેક્શન સહિતની વ્યવસ્થાઓ ઉભી થશે. જેથી ગ્રામજનોની સુખાકારીમાં પણ વધારો થશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગાંડુભાઈ કથીરિયા, જિલ્લા પંચાયત સદસ્યના પ્રતિનિધિ શ્રી અનુભાઈ ગુજરાતી, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ઉમેશભાઈ બાંભરોલીયા ,તાલુકા ભાજપ મહામંત્રી શ્રી જસકુભાઈ શેખવા, અલગ અલગ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ, વાંદરવડ ગામના સરપંચ શ્રી પ્રદીપભાઈ કાનપરિયા, ભેસાણ તાલુકાના આગેવાન શ્રી પ્રવીણભાઈ સોજીત્રા ,વાસમોના નાયબ મેનેજર શ્રી પંડિતભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ગ્રામ્યની સ્પર્ધા તા. ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી સુધી અને શહેરની સ્પર્ધા તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી સુધી યોજાશે

જૂનાગઢ તા.૧૦

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ મા જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ અં-૯, અં-૧૧, અં-૧૪,અં-૧૭, ઓપન એઈજ ગ્રુપ ભાઈઓ/બહેનોની સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે તા. ૧૧/૦૨/૨૦૨૪ થી ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ જુનાગઢ ગ્રામ્ય તથા તા. ૧૪/૦૨/૨૦૨૪ થી તા. ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ જૂનાગઢ શહેરની સ્પર્ધાઓ યોજાનાર હતી. જે સ્પર્ધાની ફેરફારની તારીખમાં ફેરફાર થયો છે. જે મુજબ ૨૨/૦૨/૨૦૨૪ થી તા. ૨૪/૦૨/૨૦૨૪ ( જૂનાગઢ ગ્રામ્ય), તા. ૨૬/૦૨/૨૦૨૪ થી તા. ૨૮/૦૨/૨૦૨૪ (જૂનાગઢ શહેર)ના રોજ યોજાશે. વધુ માહિતી માટે મો. ૭૮૫૯૯૪૬૯૮૪ પર સંપર્ક કરવો. જૂનાગઢ ગ્રામ્યની એથ્લેટીકસ સ્પર્ધા અં- ૯ (ભાઈઓ અને બહેનો) અં-૧૧ (ભાઈઓ અને બહેનો), અં-૧૪ (ભાઈઓ બહેનો) માટે તા. ૨૨/૨/૨૦૨૪ના , અં- ૧૭ (ભાઈઓ) ઓપન એજ ગ્રુપ (ભાઈઓ) માટેની તા.૨૩/૨/૨૦૨૪ ના , અં-૧૭ (બહેનો), ઓપન એજ ગ્રુપ (બહેનો) ની સ્પર્ધા તા.૨૪/૨/૨૦૨૪ ના રોજ સરદાર પટેલ સ્પોર્ટ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે યોજાશે. જૂનાગઢ શહેરની એથ્લેટીકસ સ્પર્ધા અં-૯ (ભાઈઓ અને બહેનો) અં-૧૧ (ભાઈઓ અને બહેનો), અં-૧૪ (ભાઈઓ બહેનો) માટે તા. ૨૬/૨/૨૦૨૪ના , અં- ૧૭ (ભાઈઓ) ઓપન એજ ગ્રુપ (ભાઈઓ) માટેની તા.૨૭/૨/૨૦૨૪ ના , અં-૧૭ (બહેનો), ઓપન એજ ગ્રુપ (બહેનો) ની સ્પર્ધા તા.૨૮/૨/૨૦૨૪ ના રોજ સરદાર પટેલ સ્પોર્ટ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે યોજાશે.

# અદાણી વિદ્યામંદિર-ભદ્રેશ્વરને ઉત્કૃષ્ટ યોગદાન બદલ એમ્પાવરિંગ ઈન્ડિયા એવોર્ડ

### કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રીના હસ્તે શિક્ષણ માટેની પ્રતિબદ્ધતાને બહુમાન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અદાણી વિદ્યામંદિર-ભદ્રેશ્વરની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાયું છે.શિક્ષણક્ષેત્રે અસાધારણ યોગદાન બદલ વિદ્યામંદિરને "એજ્યુકેશન એક્સેલન્સ- એમ્પાવરિંગ ઈન્ડિયા એવોર્ડ્સ ૨૦૨૪"થી નવાજવામાં આવ્યું છે.એવોર્ડ સમારંભનામુખ્ય અતિથિ અને કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી ડો.સુભાષ સરકારના હસ્તે આ બહુમાન કરવામાં આવ્યું હતું.

ચાલુ વર્ષે ભારતીય શાળાઓના શિક્ષણમાં 'એજ્યુકેશન એક્સેલન્સ- એમ્પાવરિંગ ઈન્ડિયા એવોર્ડ્સ'ની ૨જી આવૃત્તિમાં છફસ્મના ઉત્કૃષ્ટ પ્રદર્શને મેદાન માર્યુ છે. ગુરૂવાર(૮ ફેબ્રુઆરી)એ નવી દિલ્હી ખાતે આયોજીત સમારંભમાં અદાણી વિદ્યામંદિર-ભદ્રેશ્વર **(AVMB)**ને એમ્પાવરિંગ ઈન્ડિયા એવોર્ડથી નવાજવામાં આવ્યું છે. વંચિત વર્ગના [redacted] દ્વારા માછીમારો અને આર્થિક રીતે પછાત સમુદાયોના બાળકોને મફત, ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે સમર્પિત અને ઉમદા પહેલ કરવામાં આવી છે. અનપ્રીવિલેજ્ડ શાળાની કેટેગરીમાં ઉચ્ચ-ગુણવત્તાયુકત અને ઉત્કૃષ્ટ શિક્ષણ પ્રદાન કરવાનાનિષ્ઠાવાન પ્રયાસો બદલ છફસ્મને બહુમાન આપવામાં આવ્યું છે. અદાણી વિદ્યામંદિરના આચાર્ય આશુતોષ ઠાકરે જણાવ્યું હતું કે, "આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવીઅમે આનંદ સાથે ગર્વની લાગણી અનુભવીએ છીએ. અદાણી વિદ્યામંદિરદ્વારા વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક, ભાવનાત્મક અને જ્ઞાનાત્મક જરૂરિયાતોને પૂર્ણ કરતી શિક્ષણ પ્રણાલી વિકસાવવામાંઆવીછે. વિદ્યાર્થીઓના ભાવિનેશૈક્ષણિક ક્ષેત્રે ઉન્નત બનાવવા **AVMB** યોગદાન આપવા પ્રતિબદ્ધ છે".

**AVMB**નો ઉદ્દેશ શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં નિપુણતા સાથે વંચિત વિદ્યાર્થીઓમાંરહેલી પ્રતિભાઓને ઉન્નત કરવાનો છે.તેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં અભ્યાસરત ૬૦૨ વિદ્યાર્થીઓ પૈકી ૧૬૪ વિદ્યાર્થીઓ માછીમાર સમુદાયોના છે.સર્વગ્રાહી, ગુણવત્તાયુક્ત અને નિઃશુલ્ક શિક્ષણ માટે પ્રતિબદ્ધ છફસ્મ વિદ્યાર્થીઓને ગણવેશ, પુસ્તકો અને સ્ટેશનરી પણ વિનામૂલ્યે પ્રદાન કરે છે.




ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા હેઠળ **NABET** તરફથી માન્યતા મેળવનારી ગુજરાતની પ્રથમ રાજ્ય બોર્ડ સ્કૂલ હોવાને કારણે **AVMB** ટ્રેલબ્લેઝર તરીકે ઉભરી આવી છે.અગાઉ શાળાને પ્રતિષ્ઠિત અવંતિકા રાષ્ટ્રીય મહાત્મા સન્માન - ૨૦૨૦ પણ પ્રાપ્ત થયું છે. અદાણી ફાઉન્ડેશન સંચાલિત **AVMB** વિવિધ પ્રેરણાદાયી પ્રવૃત્તિ કેન્દ્રો, સ્માર્ટ કલાસરૂમ્સ, પુસ્તકાલય, કોમ્પ્યુટર્સ, પ્રયોગશાળા, આર્ટ અને ક્રાફ્ટ રૂમ, સંગીત કલાસ જેવી વિવિધ સુવિધાઓ ધરાવે છે. શાળાના સ્માર્ટ કેમ્પસમાં વિદ્યાર્થીઓને એક જવાબદાર નાગરિક બનવા પ્રશિક્ષિત કરવામાં આવે છે.

# કેઈર્ન ફાઉન્ડેશન અને ગઢકા ગ્રામ પંચાયતના ઉપક્રમે સહાય કેન્દ્રનો પ્રારંભ

જૂનાગઢ, તા.૧૦

કેઈર્ન ફાઉન્ડેશન અને ગઢકા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે સમુદાય સહાય કેન્દ્રનો ઉદઘાટન કાર્યક્રમ કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામ ખાતે યોજાયો. આ સમુદાય સહાય કેન્દ્રમાં સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ તેમજ અન્ય ઓનલાઇન સેવાઓનો લાભ ગઢકા ના ગ્રામજનોને મળશે તેમ કેઈર્ન ઇન્ડિયા ના સી.એસ.આર





મેનેજર ઉમાકાન્ત ત્રિવેદી એ જણાવ્યું હતું. આ તકે તાલુકા વિકાસ અધિકારી ગૌરવ પરમારે સી.એસ.આર કામગીરી વિશે ગામલોકોને માહિતગાર કર્યા અને આ કેન્દ્રનો ગામલોકોને વધુમાં વધુ આ કેંન્દ્રનો લાભ લેવા અનુરોધ કર્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા ગઢકા સરપંચ અરવિંદભાઈ પરમાર તલાટી કમ મંત્રી કૌશિક ગોજીયા પે સેન્ટર આચાર્ય માલદેભાઈ કંડોરિયાએ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ન્યૂરાલિંકનો પ્રયોગ સફળ રહયો તો ચિકિત્સા વિજ્ઞાન ક્ષેત્રે ક્રાંતિ આવી જશે

એલન મસ્કે ન્યૂરાલિંક ચિપ વિશે એક્સ પર લખ્યું, 'પ્રારંભિક પરિણામો ઉત્સાહ વધારનારાં છે અને તે ન્યૂરોન સ્પાઈકની ભાળ મેળવવાની આશા જગાડતા દેખાય છે.' અસલમાં ન્યૂરોન સ્પાઈક એ વિદ્યુત સંકેત હોય છે, જેનાથી ન્યૂરોન પરસ્પર સંપર્ક સ્થાપિત કરે છે. મસ્કે ત્યારબાદ લખ્યું, 'ન્યૂરાલિંકના પહેલા ઉત્પાદનને ટેલીપેથી નામે ઓળખવામાં આવશે.' આ કંપનીનો દાવો છે કે બ્રેઈન ચિપ ઈમ્પ્લાન્ટનો પ્રાથમિક ઉદ્દેશ્ય દ્દષ્ટિહીનતા, બહેરાપણું, ટિટનેસ, મસ્તિષ્ક આઘાત કે જન્મજાત ન્યૂરોલોજિકલ વિકારોથી ગ્રસ્ત રોગીઓના જીવનને આસાન બનાવવાનો છે. બ્રેઈન ચિપ ઈમ્પ્લાન્ટ માત્ર વિચારવાથી જ તમારા મોબાઈલ કે કમ્પ્યૂટર અને તેના માધ્યમથી લગભગ કોઈપણ ડિવાઈસના નિયંત્રણને સક્ષમ બનાવી દે છે. તેના આરંભિક ઉપયોગકર્તા એ દિવ્યાંગ હશે, જેમના અંગોએ કામ કરવાનું બંધ કરી દીધું છે.

અમેરિકી ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ મે ૨૦૨૩માં ન્યૂરાલિંકને માનવ પરીક્ષણ માટે મંજૂરી આપી હતી. ત્યારબાદ સપ્ટેમ્બરમાં કંપનીએ જાહેરાત કરી હતી કે તે પોતાના શરૂઆતી પરીક્ષણ માટે યોગ્ય લોકોની શોધ કરી રહી છે. તેથી મનુષ્યમાં ચિપ ઈમ્પ્લાન્ટની હાલની ઘોષણાએ તંત્રિકા વિજ્ઞાનીઓ (ન્યૂરોસાયન્ટીસ્ટ)ને આશ્ચર્યચકિત નથી કર્યા, તેમના માટે આ સમાચાર ઘણી હદે અપેક્ષિત જ હતા. આ કલ્પના જ બહુ રોમાંચક લાગે છે કે આપણા દિમાગમાં એક ચિપ ઈમ્પ્લાન્ટ કરી દેવામાં આવે તથા આપણે હાથ-પગ હલાવ્યા વિના બસ પડ્યા રહીએ અને આપણા વિચારવા માત્રથી જ મોબાઈલ, કમ્પ્યૂટર, ટીવી જેવાં ડિવાઈસ કામ કરવા લાગે. માનવીય દિમાગમાં ચિપ ઈમ્પ્લાન્ટના સમાચાર સાથે એ કલ્પના હવે વાસ્તવિકતાનું રૂપ લેવા તરફ અગ્રેસર છે. જો ન્યૂરાલિંકનો આ પ્રયોગ સંપૂર્ણ સફળ રહ્યો તો ચિકિત્સા વિજ્ઞાન ક્ષેત્રે ક્રાંતિ આવી જશે.

૨૦૧૬માં મસ્કે કેટલાક વિજ્ઞાનીઓ અને એન્જિનિયરો સાથે મળીને ન્યૂરાલિંક કંપનીની સ્થાપના કરી હતી. આ કંપનીનો ઉદ્દેશ્ય એવી બ્રેઈન-કમ્પ્યૂટર ઈન્ટરફેસ ટેકનિકોનો આવિષ્કાર કરવાનો છે, જેનાથી મનુષ્ય પોતાના દિમાગને સીધા કમ્પ્યૂટર સાથે જોડી શકે. લાંબા સમયથી વિજ્ઞાનીઓની એ માન્યતા રહી છે કે માનવ મસ્તિષ્કને સીધું કમ્પ્યૂટર સાથે જોડવાથી મસ્તિષ્કના જટિલ રહસ્યોને સમજી શકાય છે એ શારીરિક તથા માનસિક રોગોથી પીડિત દર્દીઓને નવું જીવન મળી શકે છે. તેનો સૌથી વધુ લાભ એ લોકોને મળી શકે છે જે કોઈ કારણોસર પોતાના હાથ-પગ નથી ચલાવી શકતા અને પોતાના મનમાં ચાલતી વાતોને વ્યક્ત નથી કરી શકતા. તેનાથી મોબાઈલ, કમ્પ્યૂટર, ટીવી વગેરેને ચલાવવા કે નિયંત્રિત કરવા માટે હાથપગ હલાવવાની જરૂર નહીં રહે અને મૂકબધિર પણ મશીનોના માધ્યમથી પોતાની ભાવનાઓને વ્યક્ત કરી શકશે તથા બાહ્ય દુનિયા સાથે સંવાદ કરી શકશે.

૨૦૨૨માં એક વેબ શો દરમ્યાન મસ્કે ન્યૂરાલિંકની સફળતાઓ અને ઉપલબ્ધિઓને જાહેર કરતાં કહ્યું હતું કે કંપની દ્વારા નિર્મિત બ્રેઈન ચિપને માનવ પરીક્ષણ બાદ તેઓ ખુદ ડેમો તરીકે પોતાના મગજમાં ઈમ્પ્લાન્ટ કરાવશે! આ વેબ શોમાં એક વીડિયો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો, જેમાં એક વાંદરો પોતાના હાથનો ઉપયોગ કર્યા વિના પોતાના મગજની મદદથી ટાઈપિંગ કરતો દેખાતો હતો. આ વીડિયો રેકોર્ડ કરવાના છ અઠવાડિયા પહેલાં વાંદરાના દિમાગમાં એક ચિપ લગાવવામાં આવી હતી. આ ચિપ કમ્પ્યૂટર કે સ્માર્ટફોન અને દિમાગ વચ્ચે એક સેતુનું કામ કરતી હતી. તેનાથી ભવિષ્યમાં આપણા વિચારવા માત્રથી મશીનોને સંચાલિત કરી શકીશું. બ્રેન કમ્પ્યૂટર ઈન્ટરફેસ જેવી ટેકનિકોનો મુખ્ય ઉદ્દેશ્ય ચિકિત્સા જ છે, જેમ કે લકવાગ્રસ્ત લોકો માટે એવી સુવિધા ઉપલબ્ધ કરવી જેનાથી તે વિચારવા માત્રથી પોતાનાં જરૂરી કામ કરી શકે. તેના સમર્થકો કહે છે કે યાદશક્તિ ઘટવા, બહેરાપણું, અંધાપો, અવસાદ, પાર્કિન્સન્સ, વાઈ અને અનિદ્રા જેવી તકલીફો પણ આ ટેકનિકથી દૂર કરી શકાય છે.

મસ્ક અનુસાર એઆઈ પર મનુષ્યની શ્રેષ્ઠતા સ્થાપિ કરવા માટે બ્રેન-કમ્પ્યૂટર ઈન્ટરફેસ બહુ જરૂરી છે અને ન્યૂરાલિંક તેને વિકસિત કરવા માટે પ્રતિબદ્ધ છે. એવું બની શકે કે બ્રેન-કમ્પ્યૂટર ઈન્ટરફેસની સહાયતાથી મનુષ્ય ખુદને અપગ્રેડ કરી શકે, પરંતુ એ પણ થઈ શકે છે કે આ ટેક્નોલોજીને કારણે તે કોઈ મોટા ખતરામાં પડી જાય? શું થશે જ્યારે બ્લૂટૂથ ટેક્નોલોજીથી સંચાલિત કોઈના બ્રેન-કમ્પ્યૂટર ઈન્ટરફેસને હેક કરી લેવામાં આવે? તાકાતવર લોકો તેનો ખોટો ઉપયોગ પણ કરી શકે છે. મોટો સવાલ એ હશે કે માનવ મસ્તિષ્કનું નિયંત્રણ કમ્પ્યૂટરથી થશે કે પછી કમ્પ્યૂટર જ દિમાગને નિયંત્રિત કરશે તો ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને મશીનીકરણના વિસ્તાર સાથે શતાબ્દીઓથી ચાલી આવતી મનુષ્યના બળ-બુદ્ધિની શ્રેષ્ઠતા ખતમ થઈ જવાનો ખતરો પેદા થશે. એટલું જ નહીં, ડર એ પણ છે કે એનાથી કોઈ વ્યક્તિની યાદશક્તિનો કોઈ ખાસ હિસ્સો ભૂંસીને કે જોડીને તેને પોતાના લાભ માટે ઉપયોગ કરી શકાશે! તે ઉપરાંત સૌથી મોટો ડર પ્રાઈવસી (નિજતા)નો છે, કારણ કે તે કોઈના દિમાગની તમામ જાણકારી, તમામ અનુભવો, ત્યાં સુધી કે તમામ ખાનગી વાત એકત્ર કરીને ચિપમાં નાખી દેવા જેવું છે.

એકંદરે કોઈ ચિપ દિમાગની મદદના નામે શરીર અને દિમાગ બંનેને નિયંત્રિત કરે એ વાતથી આખી દુનિયાના વિજ્ઞાની અને દર્શનશાસ્ત્રી, બંને ચિંતિત છે. જો આપણે તેના દુરુપયોગની આશંકાઓ અને પડકારોને દૂર કે ઓછા કરી શકવામાં સક્ષમ બની શકીએ તો નિશ્ચિતપણે ભવિષ્યમાં ન્યૂરાલિંક ચિપ દુનિયાભરના લાખો લોકો માટે વરદાન સાબિત થઈ શકે છે.

# દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં બે પરિવારો વચ્ચે સશસ્ત્ર જૂથ અથડામણ : મહિલાઓ સહિત ૨૯ સામે રાયોટીંગ સહિતનો ગુનો

### લોખંડના પાઈપ, ભાલા, ધોકા સહિતના હથિયારો ઉડ્યા

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૦

દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં ગુરૂવારે માછીમાર પરિવારોના બે જૂથો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું સર્જાયું હતું. આ બઘડાટીમાં સામસામા પક્ષે મહિલાઓ સહિત કુલ ૨૯ શખ્સો સામે રાયોટીંગ સહિતની જુદી જુદી કલમ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા ઈશાભાઈ જુસબભાઈ ઢોકી નામના ૭૦ વર્ષના વૃદ્ધ દ્વારા આ જ વિસ્તારમાં રહેતા ગુલામ હુસેન ઈશા લુચાણી, મામદ ઈશાભાઈ, ઈસ્માઈલ ઈશાભાઈ, જેનુલ ઈશાભાઈ, ગફૂર ઈશાભાઈ, ઈમરાન ઉર્ફે લાલુ ઈશાભાઈ, કાસમ ઈશાભાઈ લુચાણી, સતાર સુમાર ઢોકી, અસગર સતાર ઢોકી, શબીર સતાર, સાદિક સતાર, હાસમ સુમાર ઢોકી, રૂકસાના હાસમ, ઈમરાન હાસમ અને ઈશા હુસેન લુચાણી નામના ૧૫ શખ્સો સામે નોંધાવેલી ફરિયાદમાં જાહેર થયેલું છે કે કેટલાક આરોપીઓ ખોટા ધંધા કરવાની ટેવ વાળા હોવાથી ફરિયાદીનો દીકરો જુમાભાઈ ઉર્ફે ડાડો પોલીસમાં આ અંગેની બાતમી આપી દેતો હોવાનું માની, આ અંગેનો ખાર રાખીને યેનકેન પ્રકારે આરોપીઓએ ફરિયાદી તથા તેમના પરિવારોને હેરાન પરેશાન કરી અને તકરાર કરવાનો પ્રયાસ કરતા ફરિયાદીના દીકરા જુમાભાઈએ આરોપી સતાર વિરૂધ્ધ પોલીસમાં અરજી કરી હતી.

આ દરમ્યાન ફરિયાદી ઈશાભાઈના કુટુંબી ભાઈ સતારભાઈ સુમાર ઢોકીની પુત્રી રિસામણે આવતા ફરિયાદીના દીકરા જુમાભાઈએ સતાર ઢોકીને સમજાવા જતા આરોપીઓએ ગેરકાયદેસર રીતે મંડળી રચી અને લાકડાના ધોકા તેમજ લોખંડના પાઈપ સાથે ફરિયાદીના ઘરમાં ગુનાહિત હેતુથી અપપ્રવેશ કર્યો હતો. આરોપીઓ દ્વારા ફરિયાદી તથા તેમના પરિવારજનો ઉપર હથિયારો વડે હુમલો કરી, બિભત્સ ગાળો કાઢી, બેફામ મારતા તેઓને ફ્રેક્ચર સહિતની જુદી જુદી ઈજાઓ સાથે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે અંગે દ્વારકા પોલીસે ઈશાભાઈ જુમાભાઈ ઢોકીની ફરિયાદ ઉપરથી મહિલાઓ સહિત ૧૫ સામે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૭, ૪૪૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. સામા પક્ષે આ જ વિસ્તારમાં રહેતા ગુલામ હુસેન ઈશાભાઈ લુચાણી (ઉ.વ. ૨૯) એ દ્વારકા પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ તેમના મામા સતારભાઈ ઢોકીની પુત્રી કે જે રિસામણે હોય અને આ અંગે તેમણે કોર્ટમાં કેસ કર્યો હોવાથી યુવતીના પિતા તથા સસરા વચ્ચે મનદુઃખ ચાલ્યું આવતું હતું. જે અંગે ફરિયાદી ગુલામહુશેન સતારભાઈનો બચાવ કરીને ચઢામણી કરતા હોવાનું માની આરોપી જુમ્મા ઉર્ફે ડાડો ઈશાભાઈ ઢોકીએ તેમના વિરુદ્ધ અરજી કરી હતી. જેથી બંને વચ્ચે મનદુઃખ ચાલ્યું આવતું હતું. આ પ્રકરણને લઈને આરોપી જુમ્મા ઉર્ફે ડાડો ઈશાભાઈ, અબ્દુલ ઈશાભાઈ, ઈસ્માઈલ ઈશાભાઈ, ઈમરાન ઈશાભાઈ, ઈશા જુસબભાઈ, હુસેન ઈશાભાઈ, લાખા ઈબ્રાહીમ, સાહિલ લાખાભાઈ, અકબક્ષ હુશેનભાઈ ભેસલીયા, સલમાબેન ઈશાભાઈ ઢોકી, જેનમબેન ઈશાભાઈ, ઝાકુર ઈશાભાઈ, શરીફાબેન અબ્દુલભાઈ અને મરીયમબેન હુસેનભાઈ ભેસલીયાએ ગેરકાયદેસર રીતે મંડળી રચીને ભાલો, લાકડાના ધોકા તેમજ પથ્થર વડે ફરિયાદી ગુલામહુસેન તથા તેમના પરિવારજનોને જાનથી મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં ફરિયાદી પરિવારને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. જે અંગે દ્વારકા પોલીસે મહિલાઓ સહિત કુલ ૧૪ સામે રાયોટિંગ તથા જી.પી. એક્ટ સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.એચ. સુવા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# વંથલી નજીક ખોખરડા ફાટક પાસે આવેલા પુલ પાસેના રોડ ઉપરથી વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) વંથલી તા.૧૦

વંથલી તાબાના કણજા ધારથી ખોખરડા ફાટક વચ્ચે પુલ પાસે રોડની સાઈડમાંથી એક શખ્સને ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી લેવામાં આવેલ છે. આ બનાવ અંગે વંથલી પોલીસે આપેલી વિગત અનુસાર વંથલી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ મિલનભાઈ રાજાભાઈએ આ કામના આરોપી હિરેન નગાભાઈ ડાકી(ઉ.વ.૨૧) રહે.કણજાધાર તથા હાજર નહી મળી આવેલ સુનિલ ભટ્ટી રહે.વંથલી તેમજ દારૂનો જથ્થો આપનાર એભલ ભારાઈ રહે.સરગવાડા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં-૧એ ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૩૨ રૂા.૧૨,૮૦૦ની કિંમતની તથા અન્ય બોટલ નંગ-૨૫ રૂા.૫ હજારની કિંમતની મળી કુલ ૧૭,૮૦૦નો મુદ્દામાલ તથા મોબાઈલ ફોન નંગ-૨ વિગેરે મળી કુલ રૂા.૨૭,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ જવા પામેલ. દરમ્યાન તપાસ હાથ ધરતા દારૂની આ બોટલો પકડાયેલ આરોપી હિરેન તથા સુનિલ ભટ્ટી રહે.વંથલી વાળાએ ભાગીદારીમાં છુટક વેંચાણ કરવા સારૂ મંગાવ્યો હોવાનું અને રેડ દરમ્યાન સુનિલ ભટ્ટી હાજર નહી મળી આવેલ તથા પકડાયેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો એભલ ભારાઈ રહે.સરગવાડા વાળાએ આપી અને એકબીજાને મદદગારી કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આ બનાવ અંગે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિબિશન અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ વંથલી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.આર. વાઢેર ચલાવી રહ્યા છે.

# બિલખા પોલીસમાં જલારામ બાપા વિશે અપમાનજનક ટીપ્પણી કરનાર ધારાસભ્ય વિરૂદ્ધ ફરિયાદ



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા) જૂનાગઢ તા.૧૦

તાજેતરમાં કલોલના ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણે જાહેરમાં સંત શિરોમણી પુ. જલારામ બાપા વિશે અપમાનજનક ટીપ્પણી કરી હતી જેને લઈને સમગ્ર ગુજરાતમાં લોહાણા સમાજ અને સનાતની હિન્દુઓમાં રોષની લાગણી જોવા મળે છે. જે બનાવના પડઘા રૂપે બિલખાના લોહાણા સમાજ દ્વારા બિલખા પોલીસ સ્ટેશનમાં કલોલના આ બડબોલા ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ ઉપર પુ. જલારામ બાપા વિશે અપમાનજનક ટીપ્પણી કરવાની અને સનાતની હિન્દુઓની લાગણીને ઠેસ પહોંચાડવાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવા અરજી આપવામાં આવેલ છે. લોહાણા મહાજન વાડી ખાતે બપોરે ૪ વાગ્યે આ ધારાસભ્યને ભગવાન સદબુધ્ધિ આપે એવા આશયથી ધુનનો કાર્યક્રમ યોજી પાંચ મીનીટ મૌન પાળવામાં આવેલ બાદમાં લોહાણા સમાજના પ્રમુખ હિતેષભાઈ કંટારીયા, ઉપપ્રમુખ કુંજેશભાઈ સોઢા, મંત્રી સંજયભાઈ સોઢા, ભાવેશભાઈ મશરાણીની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં લોહાણા સમાજના આગેવાનો અને જ્ઞાતીજનો બીલખા પોલીસને આવેદનપત્ર આપી ફરિયાદ નોંધવા રજુઆત કરી હતી.

### સલાયામાં વહાણવટી પરિવાર સાથે તોતિંગ છેતરપિંડી

# પોસ્ટમાં ભરવા આપેલા રૂપિયા સાડા બત્રીસ લાખ ગુપચાવી જતા શખ્સ સામે ફરિયાદ

(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૦

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા એક વાઘેર વહાણવટી પરિવાર સાથે રૂા. ૩૨.૫૦ લાખની છેતરપિંડી કરવા સબબ સલાયાના એક વિપ્ર યુવાન સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા તાલુકાના સલાયામાં જૂની પોસ્ટ ઓફિસ સામે આવેલા કસ્ટમ રોડ પર રહેતા અને વહાણવટીના વ્યવસાય સાથે સંકળાયેલા હાજી જુનસભાઈ હાજી મુસાભાઈ ગજ્જણ નામના ૭૩ વર્ષના વૃદ્ધ દ્વારા આ જ વિસ્તારમાં રહેતા વિશાલ નવીનભાઈ કિરતસાતા નામના શખ્સ સામે નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદમાં જાહેર કરવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૨ ના જુદા જુદા સમયગાળા દરમ્યાન ફરિયાદી હાજી જુનસભાઈ ગજ્જણએ વિશાલ કિરતસાતાને પોસ્ટમાં ચાલી રહેલી જુદી જુદી સ્કીમમાં ભરવા માટે રૂા. ૩૨,૫૦,૦૦૦ ની રકમ આપી હતી. પરંતુ વિશાલ દ્વારા પોસ્ટમાં ઉપરોક્ત રકમ ભરવામાં ન આવી હોવાનું ફરિયાદી હાજી જુનસભાઈના ધ્યાને આવ્યું હતું. આ રીતે પોસ્ટમાં રકમ ભરવાના બદલે આરોપી વિશાલ કિરતસાતા દ્વારા આ રકમ ન ભરીને તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર કરવામાં આવ્યું છે. આ સમગ્ર પ્રકરણ અંગે સલાયા મરીન પોલીસે આઈ.પી.સી. કલમ ૪૦૬ તથા ૪૨૦ મુજબ ગુનો નોંધ્યો છે. જે અંગે પોલીસે આરોપીની અટકાયત કરી, આ પ્રકરણમાં અન્ય કોઈ શખ્સો સંડોવાયેલા છે કે કેમ તે સહિતની વિવિધ બાબતે આગળની તપાસ પી.એસ. આઈ. વી.એન. સીંગરખીયા તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# પાણી ગરમ કરવાની ઈલેક્ટ્રિક રોડથી બનાવી ચા

નવી દિલ્હી, તા.૧૦

શિયાળામાં દરેક વ્યક્તિને સ્ટ્રોંગ ટી પીવી ગમે છે. લોકો દિવસમાં ઘણા કપ ચા પીવે છે. દુનિયાભરમાં ચા અલગ-અલગ રીતે બનાવવામાં આવે છે, પરંતુ ચા બનાવવાનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જે એકદમ રમૂજી છે. આ વીડિયોમાં અનોખી રીતે ચા બનાવવામાં આવી રહી છે, જેને જોઈને તમે પણ ચોંકી જશો. વીડિયો જોયા બાદ લોકો તેના પર ફની કોમેન્ટ કરી રહ્યા છે. આ વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર **Mera_vidisha** નામના એકાઉન્ટથી શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં પાણી ગરમ કરવા માટે ઈલેક્ટ્રીક રોડની મદદથી ચા બનાવવામાં આવી રહી છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, 'આ ટ્રિક વિદિશાની બહાર ન જવી જોઈએ. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ચાની તપેલીમાં પાણી ગરમ કરવા માટે એક સળિયો લગાવવામાં આવ્યો છે. વાસણમાં ચાની પત્તી અને દૂધ છે, જે ઈલેક્ટ્રીક રોડ નાખવાને કારણે ઉકળી રહ્યું છે.

અત્યાર સુધીમાં આ વાયરલ વીડિયોને લગભગ ૪ લાખ લોકોએ જોયો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે એકલો ખાય તે દરિદ્ર થાય છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજજબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૧ મહા માસ આરંભ, પંચક (સવારે ૧૦:૦૧ ક.થી પ્રારંભ) તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૯, ધનિષ્ઠા નક્ષત્ર, વરિયાન યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સવારે ૧૦:૦૧ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિરોધીઓને કારણે કાર્યમાં રૂકાવટ આવે.
વૃષભ:ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય.
મિથુન:ધીરજના ફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કર્ક: જાહેરક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મળે.
સિંહ: આર્થિક સમસ્યાનો ઉકેલ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા
કન્યા: મનની મનમાં રહી જાય. વ્યર્થ ક્રોધ અનુભવાય.
તુલા: પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક સાંપડે.
વૃશ્ચિક:કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. કાર્યમાં અવરોધ થતો જણાય.
ધન: વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે. આર્થિક સમસ્યા રહે.
મકર: અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાં છૂટા થાય.
કુંભ: મન પ્રફુલિત રહે. કાર્યબોજમાં વધારો થાય.
મીન: આર્થિક લાભની તક મળે. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

# સરકારી રાશનની દુકાનો કન્ઝયુમર ડ્યુરેબલ પ્રોડક્ટસ ઓન લાઈન વેચશે

નવી દિલ્હી, તા.૧૦

આગામી દિવસોમાં ઈ-કોમર્સ કંપનીઓને પીડીએસ દુકાનોની આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. જે માટે સરકારે નવી યોજના બનાવી છે. સરકાર તપાસ કરી રહી છે કે શું સરકારી રાશનની દુકાનો એટલે કે પીડીએસની દુકાનો કન્ઝ્યુમર ડ્યુરેબલ પ્રોડક્ટ્સ ઓનલાઈન વેચી શકે છે. ઓએનડીસીએ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ઈ-કોમર્સ પ્લેટફોર્મ છે. એક સમાચારપત્રના અહેવાલ મુજબ કેન્દ્ર સરકાર ઓએનડીસીપર પીડીએસ દુકાનો દ્વારા કન્ઝ્યુમર ડ્યુરેબલ પ્રોડક્ટ્સને ઓનલાઈન વેચવાની યોજનાનું પરીક્ષણ કરી રહી છે. ઓએનડીસીએ ઈ-કોમર્સના યુપીઆઈતરીકે ઓળખાય છે. તેનો હેતુ ઈ-કોમર્સમાં ખાનગી કંપનીઓનું વર્ચસ્વ ખતમ કરવાનો છે. પીડીએસ દુકાનો એટલે કે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સરકાર હાલ રાશન એટલે કે અનાજ અને અન્ય ચીજવસ્તુઓ વેચે છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે હવે પીડીએસ દુકાનો દ્વારા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સનાં વેચાણનું પરીક્ષણ શરૂ કર્યું છે. આ પરીક્ષણ હિમાચલ પ્રદેશના ઉના અને હમીરપુર જિલ્લામાંથી શરૂ કરવામાં આવ્યું છે. જો કેન્દ્ર સરકારનું આ પરીક્ષણ સફળ થશે તો આવનાર દિવસોમાં પીડીએસની દુકાનોમાંથી લોકો ઓનલાઈન ટૂથબ્રશ, સાબુ અને શેમ્પૂ જેવા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સામાન ખરીદી શકશે. તેમજ ઓએનડીસીઅને પીડીએસ દુકાનોની આ ભાગીદારી ઈ-કોમર્સ કંપનીઓ માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે. અહેવાલ મુજબ, આ યોજનાની શરૂઆત ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ ૧૧ વાજબી ભાવની દુકાનોથી કરી છે. પરીક્ષણના સફળ પરિણામો પછી, આ યોજનાને પહેલા સમગ્ર હિમાચલ પ્રદેશમાં લાગુ કરવામાં આવશે અને બાદમાં તેને સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવશે.

# બીમાર વિશ્વ દિવસ




બીમાર લોકો અને તેમની સંભાળ રાખનારાઓ તરફ ધ્યાન દોરવા અને માનવ વેદનાના મુક્તિ મૂલ્યને પ્રકાશિત કરવા માટે ૧૯૯૨ માં પોપ જ્હોન પોલ II દ્વારા બીમાર વિશ્વ દિવસની સ્થાપના કરવામાં આવી હતી. પીડિત લોકોની બાજુમાં ઊભા રહેવું. લોકો રજાની નજીકમાં માંદાને બોલાવે તેવી શક્યતા વધુ હોય છે. સ્વર્ગીય પિતા, જીવન અને આરોગ્ય આપનાર તમારા માંદા સેવકને દિલાસો આપો અને રાહત આપો અને જેઓ તેમની જરૂરિયાતોની સેવા કરે છે તેમને સાજા કરવાની તમારી શક્તિ આપો, જેથી તેઓ તેમની નબળાઈમાં મજબૂત બને અને તમારી પ્રેમાળ સંભાળમાં વિશ્વાસ રાખે, દર વર્ષે ઓછામાં ઓછા ૨૪ કલાક અથવા ત્રણ દિવસની પેઈડ માંદગી રજા પ્રદાન કરવી આવશ્યક છે અને આ રજાની સંપૂર્ણ રકમ રોજગાર, કેલેન્ડર વર્ષ અથવા ૧૨-મહિનાના સમયગાળાના દરેક વર્ષની શરૂઆતથી કર્મચારીના ઉપયોગ માટે ઉપલબ્ધ હોવી જોઈએ. વિશ્વ બીમાર દિવસ ઉપર, વિશ્વભરના લોકો બીમાર અને તેમના દુઃખને દૂર કરવા માટે અથાક મહેનત કરનારાઓ માટે પ્રાર્થના કરવાની તક લે છે. આસ્થા આધારિત સંસ્થાઓ બીમાર લોકોને દવાઓ, ખોરાક અને આધ્યાત્મિક માર્ગદર્શન આપીને આ દિવસની ઉજવણી કરે છે.

## :: અવસાન નોંધ/બેસણું ::



જૂનાગઢ નિવાસી સ્વ. રાજુ ભાઈ નરસિંહ પ્રસાદ પંડયાના સુપુત્ર સ્વ. નીખીલનું અવસાન તા. ૯/૨/૨૦૨૪ ના રોજ થયેલ છે તેઓ હર્ષિલના પિતાશ્રી તેમજ હરેશભાઈ દિલીપભાઈ પ્રફુલભાઈ મનોજભાઈ આશિષ ભાઈના ભત્રીજા તેમજ દત દાહા ભાઈ હુણના મામા અને આશિષ તુલસીદાસ લાખાણીના ભાણેજનું દુખદ અવસાન થયેલ છે.

સદગત નું બેસણું તા. ૧૨/૨/૨૦૨૪ ને સોમવારે સાંજે ૪થી૬ રામ ઝરૂખો સત્યનારાયણ મંદિર સામે ગિરનાર દરવાજા પાસે જૂનાગઢ રાખેલ છે.

# રાજ્યની તમામ હોસ્પિટલો અને ક્લિનિક્સમાં હવે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે


અમદાવાદ, તા.૧૦

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં આવેલા માંડલની રામાનંદ ટ્રસ્ટ હોસ્પિટલમાં અંધાપાકાંડના કેસની સુનાવણી ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂદ્ધ માયીની ખંડપીઠ સમક્ષ ચાલી હતી. જેમાં સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે, ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ મુજબ પહેલાં ૫૦થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલે આ કાયદા અંતર્ગત રજિસ્ટ્રેશન જરૂરી હતું, જો કે સરકાર હવે એમાં સુધારો કરીને જે પણ હોસ્પિટલ જેટલાં પણ બેડ ધરાવતી હોય એનું આ કાયદા અંતર્ગત રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવા જઈ રહી છે, જેથી કરીને આ કાયદાના તમામ નીતિનિયમો એ હોસ્પિટલને લાગુ પડશે. આ બનાવની વિગતો મુજબ ૧૦ જાન્યુઆરીના રોજ કુલ ૨૯ જેટલા મોતિયાંના દર્દીઓનાં આંખનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં, જેમાંથી ઓપરેશન બાદ ૧૭ જેટલા લોકોને આંખની દૃષ્ટિ ઓછી થતાં ૫ લોકો અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી હતી, જ્યારે ૧૨ જેટલા લોકો રામાનંદ ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા હતા. આ કેસમાં હાઈકોર્ટના જસ્ટીસ એ.એસ. સુપેહિયા દ્વારામાં સુઓમોટો જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી, જેની આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેસની અગાઉની સુનાવણી દરમ્યાન કોર્ટે પૂછ્યું હતું કે આ ઘટના નીચલી ગુણવત્તાની દવા, ફેસિલિટીનો અભાવ કે પછી મેડિકલ સાધનોના સાર સંભાળના અભાવને કારણે સર્જાઈ છે કે કેમ ? હજી સુધી કોઈપણ મેડિકલ કર્મચારી સામે FIR થઈ નથી. પીડિતોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે. આ ઘટના અંગે હેલ્થ વિભાગના સેક્રેટરી અને અમદાવાદ ગ્રામ્ય પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને કોર્ટે નોટિસ કાઢી હતી, સાથે જ તપાસનો પ્રાથમિક અહેવાલ કોર્ટમાં જમાં કરાવવા હુકમ કર્યો હતો. આજની સુનાવણી દરમ્યાન કોર્ટે ટકોર કરી હતી કે જો સરકાર કોર્પોરેટ જેવો પગાર ડોક્ટરોને આપતી હોય તો તેમને પણ કોર્પોરેટ જેવું કામ કરવું જોઈએ, જે આપણે કરતા નથી. કોર્પોરેટમાં લોકો 24x7 કામ કરે છે. કોર્ટ મિત્રે જણાવ્યું હતું કે જો સિવિલની OPDમાં કોઈ વિદેશથી ડોક્ટર આવે તો દર્દીઓની લાઈન અને કામના લોડથી જ ડઘાઈ જાય. ડોક્ટર્સ સવારે ૮થી રાત્રિના ૯.૩૦ કલાક સુધી કામ કરીને તેમને અડધો કલાકનો લંચ બ્રેક મળે છે. કોર્ટ મિત્રે સરકારે ફાઈલ કરેલી એફિડેવિટના અભ્યાસ માટે સમય માગતાં વધુ સુનાવણી બે અઠવાડિયાં બાદ રાખવામાં આવી છે. કોર્ટ મિત્ર ગૌતમ જોશીએ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે મેડિકલ કેમ્પ પત્યા પછી એ અંતર્ગત હાથ ધરાયેલી સર્જરી બાદ આવા સમાચાર આવતા હોય છે. તાજેતરમાં જ અમરેલી અને ઓગણજથી પણ આવા સમાચાર મળ્યા હતા. આવા મેડિકલ કેમ્પને રેગ્યુલરાઈઝ કરવા જરૂરી છે. તેઓ ટ્રસ્ટનો વિરોધ નથી કરી રહ્યા, પરંતુ તેમની ઉપર પણ નિયમો લાદવા ખૂબ જરૂરી છે. દરેક મેડિકલ ક્લિનિક એસ્ટાબ્લિશમેન્ટ માટે રજિસ્ટ્રેશન જરૂરી હોવું જોઈએ. આજના સમયમાં જેની પાસે પણ વધારે પૈસા હોય તે હોસ્પિટલ ઊભી કરી શકે છે. તે ડોક્ટર લાવે છે અને સર્જરી થાય છે, પરંતુ ડોક્ટરને મેડિકલ સપ્લાય ક્યાંથી આવ્યો એની ખબર હોતી નથી. ડોક્ટરને જે સાધનો સંસ્થા પૂરાં પાડે છે એનાથી તેઓ સર્જરી કરતા હોય છે. ડોક્ટર પર ક્રિમિનલ જવાબદારી મૂકવી અઘરી બાબત છે. કોર્ટે રાજ્ય સરકારને મેડિકલ કેમ્પ ઉપર અંકુશ રાખવા જણાવ્યું હતું. એડવોકેટ જનરલે કોર્ટને જણાવ્યું




હતું કે ઘણી સારી હોસ્પિટલો પણ રાજ્યમાં છે, પરંતુ કેટલાક દર્દીઓ ડોક્ટરની સલાહ લીધા વગર પરત પોતાના ઘરે જતા રહે છે. કોર્ટ મિત્રે જણાવ્યું હતું કે લોકો દૂરના જિલ્લાઓમાંથી શહેરની સરકારી હોસ્પિટલોમાં આવતા હોય છે. ત્યારે તેમનું ધ્યાન રાખવા માટે તેમની પાસે કોઈ હોતું નથી. વળી, તેઓ રોજ કમાયને ખાનારા હોય છે. ત્યારે તેઓ પરત ફરી જાય છે એ તેમની મજબૂરી છે. જિલ્લાની હોસ્પિટલોમાં તો ડોક્ટર્સ હોતા નથી. મેડિકલ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પણ ડોક્ટરને બોન્ડ સાઈન કરવા પડે છે, જેમાં તેમને ગ્રામ્યમાં સેવાઓ આપવી પડે છે. ઉલ્લેખનીય છે કે, આ અંધાપાકાંડમાં કુલ ૨૯ લોકોમાંથી ૯ લોકો અમદાવાદ જિલ્લાના, ૧૨ સુરેન્દ્રનગર જિલ્લાના અને ૮ પાટણ જિલ્લાના હોવાનું સામે આવ્યું હતું. અસારવા સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સના જણાવ્યા પ્રમાણે, પ્રાથમિક દૃષ્ટિએ ઓપરેશન બાદ આંખોમાં નાખવાનાં ટીપાંથી ચેપ લાગ્યો હોવાનું લાગી રહ્યું હતું. આ ઘટનાની તપાસ માટે આરોગ્ય વિભાગના વિભાગીય નાયબ નિયામકના અધ્યક્ષસ્થાને ૯ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની ટીમ માંડલ ખાતે પહોંચી હતી. સૌપ્રથમ રામાનંદ ટ્રસ્ટ હોસ્પિટલમાં તમામ ઓપરેશન સ્થગિત કરી નાખવામાં આવ્યાં હતાં. તપાસમાં સામે આવ્યું હતું કે ૧ જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૭૪ વ્યક્તિએ આંખનું ઓપરેશન કરાવ્યું હતું.

# ફ્રાન્સના કેરેબિયન ટાપુ ઉપર ફરવા ગયેલા નવ લોકો ડિટેન્શન સેન્ટરમાં હોવાની શક્યતા હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરાઈ



અમદાવાદ, તા.૧૦

ફ્રાન્સના કેરેબિયન ટાપુ ઉપર ૯ ગુજરાતી ફરવા ગયા અને એક વર્ષ જેવો સમય થયો હોવા છતાં મળ્યા નથી. આથી તેમની ભાળ મેળવવા માટે સરકારને આદેશ કરવો જોઈએ તેવી માંગણી કરતી જાહેર હિતની અરજીની સુનાવણી ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ હાથ ધરવામાં આવી હતી. એમાં અરજદારના વકીલોએ તરફથી રજૂઆત કરાઈ હતી કે, આ નવ લોકો ડીટેન્શન સેન્ટરમાં રાખાયા હોવાની શક્યતા છે પરંતુ ત્યાંની સરકાર દ્વારા કોઈ માહિતી જાહેર કરવામાં આવતી નથી. અરજદારોના જણાવ્યા પ્રમાણે નવ લોકો ફ્રાન્સ હસ્તકના કેરેબિયન ટાપુઓમાં ફરવા ગયા હતા, જ્યાંથી તેઓ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૩થી ખોવાઈ ગયા હતા. ત્યાર બાદ તેઓ મળ્યા નથી. તેઓ હોડીમાં કોમનવેલ્થ ડોમિનિકાથી સેન્ટ માર્ટિન ટાપુ ઉપર જતા હતા. તેઓ કેરેબિયન્સ ટાપુઓ હસ્તકના કોઈ ટાપુ પર ફસાયા હોઈ શકે અથવા તેમને ડિટેઈન કરાયા હોઈ શકે. આ મુદ્દે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને દેશના ગૃહમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ભારત સરકારે તેમની ભાળ મેળવવા પ્રયત્ન કર્યો હતો. છેલ્લી માહિતી મુજબ તેઓ ગ્વાડેલોપ ટાપુ ઉપર ફસાયેલા હોઈ શકે છે. સુનાવણીમાં અરજદારના વકીલે જણાવ્યું હતું કે ત્યાંની સરકાર ગેરકાયદે આવેલા લોકોની માહિતી આપતી નથી. તેમને ડિટેઈન સેન્ટરમાં રખાયા હોવાની શક્યતા છે. આ જગ્યાએ જવા માટે અલગથી પરવાનગી લેવી પડે છે, જે ફ્રાંસમાં જવા માટેના વિઝા લેવા કરતાં અઘરી બાબત છે. અમારી પાસે કેટલીક માહિતી હાથ લાગી છે. અરજદાર દ્વારા ત્યાંની મહિલા એડવોકેટ અને પેરિસના એડવોકેટને હાયર કરવામાં આવ્યા છે. બે વકીલ પણ ત્યાં જાય એવી શક્યતા છે, જેથી તેમને ઝડપી વિઝા મેળવવા કોર્ટ મદદ કરે. જોકે કોર્ટે એમાં પડવાનો ઈન્કાર કરી દીધો હતો. જોકે અરજદારે સ્વીકાર્યું હતું કે તેઓ નજીકના કોઈ દેશમાં વગર વિઝાએ જઈ રહ્યા હતા. ડોમિનિકા રિપબ્લિકની પોલીસ સાથે પણ સંપર્ક કરાયો હતો.

## શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થનારાઓ ઓબ્ઝેક્ટિવ MCQ ટેસ્ટમાં ભાગ લઈ શકશે

# રાજ્યમાં લોકરક્ષકની ભરતીની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર : દોડના ગુણ નહીં

ગાંધીનગર, તા.૧૧

સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા રાજ્યના યુવાનો માટે રાજ્ય સરકારે લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની પરીક્ષા પધ્ધતિમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. જે અંતર્ગત અગાઉ લોકરક્ષકની ભરતીમાં શારીરિક કસોટી લેવામાં આવતી હતી તેમાં દોડના ગુણ આપવામાં આવતા હતા. જેના બદલે હવે દોડ ફક્ત નિયત સમયમાં પાસ કરવાની રહેશે, તેના કોઈ ગુણ રહેશે નહિ. પહેલા શારીરિક કસોટીમાં ઉમેદવારોના વજનને પણ ધ્યાને લેવામાં આવતું હતું જે હવે રદ્દ કરવામાં આવ્યુ છે. આમ, શારીરિક કસોટી હવે ફક્ત ક્વોલીફાઈંગ રહેશે તેના કોઈ ગુણ આપવાના રહેશે નહિ અને શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ તમામ



ઓબ્ઝેક્ટિવ MCQ ટેસ્ટ અને વધારાના ગુણને આધારે પસંદગી યાદી બનશે

ઉમેદવારો ત્યારબાદની ઓબ્ઝેક્ટિવ એમસીક્યુ ટેસ્ટમાં ભાગ લઈ શકશે. અગાઉ શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની બે કલાકની અને ૧૦૦ ગુણની MCQ ટેસ્ટ લેવામાં આવતી હતી. તેના બદલે હવે ૨૦૦ ગુણનું ૩ કલાકનું ઓબ્ઝેક્ટિવ MCQ ટેસ્ટનું એક જ પેપર લેવામાં આવશે. આ પેપર ભાગ-A અને ભાગ-B એમ બે ભાગમાં રહેશે અને દરેક ભાગમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ ફરજિયાત લાવાના રહેશે. જૂના પરીક્ષા નિયમોના વિષયો પૈકી સાયકોલોજી, સોશ્યોલોજી, આઈ.પી.સી., સી.આર.પી.સી., એવીડન્સ એક્ટ જેવા વિષયો રદ્દ કરીને ભારતીય બંધારણ કરન્ટ સોફ્ટ હિસ્ટ્રી જેવા મુખ્ય વિષયો રાખવામાં આવ્યા છે. પહેલા લોકરક્ષકની ભરતીમાં ફક્ત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાંથી કરેલા કોર્ષ માટે જ ઉમેદવારોને વધારાના ગુણ આપવામાં આવતા હતા. જેમાં પણ ઉમેરો કરીને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અથવા નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાંથી કરેલા કોર્ષ માટે વધારાના ગુણ આપવામાં આવશે અને આ ગુણ પરિણામના આધારે નહિ પરંતુ કોર્ષના સમયગાળાના આધારે નીચે મુજબ આપવામાં આવશે. આખરી પસંદગી યાદી ઓબ્ઝેક્ટિવ એમસીક્યુ ટેસ્ટ અને વધારાના ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

# ઉત્તરીય પર્વતો ઉપર હિમવર્ષાથી ઠંડીમાં વધારો જોવા મળ્યો

નવી દિલ્હી, તા.૧૦

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યુપી-બિહાર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં સૂકા અને ઠંડા પવનો ફૂંકાશે, જેના કારણે લોકો ઠંડીનો અનુભવ કરશે. પહાડોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાતા લોકો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. વરસાદ બાદ રાજધાની દિલ્હીના હવામાનમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હિમાચલપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઉત્તારાખંડ અને અરૂણાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આ સિવાય મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળના સ્થળોએ હળવા વરસાદની શકચતા છે. દિલ્હીએનસીઆરમાં હાલ વાતાવરણ ખુશનુમા છે. દિવસના તડકા બાદ ઠંડીમાં પણ ઘટાડો થવા લાગ્યો છે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળશે CPCBના ડેટા અનુસાર, દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૪૭ નોંધાયો હતો, જે 'મધ્યમ' શ્રેણીમાં આવે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યુપી-બિહાર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં સૂકા અને ઠંડા પવનો ચાલવાની ધારણા છે. આ રાજ્યોમાં અત્યારે વરસાદની કોઈ શક્યતા નથી. આ સાથે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, યુપી, બિહાર સહિત ઘણા રાજ્યોમાં ઠંડા પવનો ફૂંકાતા રહેશે અને લોકો ઠંડીનો અનુભવ કરશે. IMD કહે છે કે, છેલ્લા ૨૪ કલાક દરમ્યાન પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તરાખંડના મેદાની વિસ્તારો, ઉત્તર રાજસ્થાન અને ઉત્તર-પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં લઘુત્તમ તાપમાન ૦૬-૧૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું, જે સામાન્ય કરતાં ઓછું છે.

# ડોક્ટર પતિ અને ફાર્માસિસ્ટ પત્ની વચ્ચે ૭ વર્ષની બાળકીની કસ્ટડીનો વિવાદ પહોંચ્યો હાઈકોર્ટમાં

અમદાવાદ, તા.૧૦

રાજ્યના એક શહેરમાં રહેતા તબીબ યુવક અને તેની ફાર્માસિસ્ટ પત્ની વચ્ચે સાત વર્ષની દીકરીની કસ્ટડીનો વિવાદ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. આ કેસમાં ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂદ્ધ માયીની કંડપીઠ સમક્ષ પહોંચ્યો હતો અને તેઓએ આ કેસમાં સમાધાનની શક્યતાઓ ચકાસવા માટે બન્ને પક્ષકારનો નિર્દેશ કર્યો હતો. કેસની વિગતો મુજબ બંનેના લગ્ન ૧૦ વર્ષ પહેલાં થયા હતા. જેમાં તેમને એક સાત વર્ષની પુત્રી પણ છે. પુત્રી અત્યારે તેની દાદી અને પિતા સાથે રહે છે. પુત્રીની કસ્ટડીને લઈને વિવાદ પણ થયો છે. જેથી દંપતીએ હાઈકોર્ટમાં તકરારનો કેસ દાખલ કર્યો છે. વહુ અને સાસુ વચ્ચેની આ તકરારમાં સાસુએ વહુ સામે સિનિયર સિટીઝન એક્ટ મુજબ ફરિયાદ કરી હતી. બીજી તરફ વહુએ પણ પોતાના પતિની મિલકતમાં તેને રહેવા ન દેતા હોવાની સામે ફરિયાદ કરી હતી. વહુના કહેવા પ્રમાણે તેની સાસુએ તેના પતિને અડધું મકાન વેચ્યું છે. જેથી તેમાં રહેવાનો તેને હક્ક છે. જોકે, પાછલા બે-ત્રણ વર્ષથી આવા પારિવારિક વિવાદો સર્જાયા હોવાનું કોર્ટને લાગ્યું હતું. વળી બંને વચ્ચે નીચલી કોર્ટમાં મધ્યસ્થી કેન્દ્રમાં સમાધાન કરાવવા પ્રયત્ન કરાયો હતો. પરંતુ તે નિષ્ફળ નીવડ્યો હતો. જોકે, બંનેના વકીલો સમજદાર હોવાથી અરજદાર વહુના વકીલે રજૂઆત કરી હતી કે, ખરેખર આ વિવાદ ૭ વર્ષીય દીકરીની કસ્ટડીને લઈને હાઈકોર્ટ પહોંચ્યો છે. નીચલી કોર્ટના હુકમ મુજબ માતા તેની પુત્રીને મળી શકતી નથી. ચીફ જજ સુનિતા અગ્રવાલે કોઈ પણ નિર્ણય લેતા પહેલા બંને પક્ષોને મધ્યસ્થી માટે આગામી દિવસમાં પોતાની ચેમ્બરમાં બોલાવ્યા છે. તેમની વચ્ચે સમાધાન કરાવવા પ્રયત્ન કરશે. જો બંને તે માટે સકારાત્મા્ દેખાશે તો તે મુજબ આગળ મધ્યસ્થી કેન્દ્રને કેસ રીફર કરાશે.

# પાકિસ્તાન સાથે અમુક વેપાર હવાઈ, દરિયાઈ માર્ગે થઈ રહ્યો છે : સરકાર

નવી દિલ્હી તા.૧૦

કેન્દ્ર સરકારે કહ્યું હતું કે પાકિસ્તાન સાથે અમુક વેપાર જમીન અને દરિયાઈ માર્ગે થઈ રહ્યો છે, પરંતુ પાડોશી દેશે 'એકપક્ષીય રીતે' જમીન સરહદ દ્વારા તમામ વેપાર બંધ કરી દીધા છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે પણ લોકસભામાં કહ્યું હતું કે પાકિસ્તાનની જવાબદારી છે કે તે ભારતીય માલસામાનને તેના પ્રદેશ દ્વારા મધ્ય એશિયાઈ દેશોમાં અવરજવર કરવા દે. પટેલે કહ્યું કે અગાઉ જે પણ વેપાર થતો હતો તે અટારી-વાઘા બોર્ડર અને કરાચી બંદરથી થતો હતો. તેમણે કહ્યું કે હવે જમીન માર્ગે કોઈ વેપાર નથી થતો, પરંતુ અમુક વેપાર દરિયાઈ અને હવાઈ માર્ગે થઈ રહ્યો છે. મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન સાથે દરિયાઈ અને હવાઈ માર્ગો દ્વારા આ વેપાર જવાહરલાલ નહેરૂ પોર્ટ ટ્રસ્ટ, ઈન્લેન્ડ કન્ટેનર ડેપો, તુગલકાબાદ, મુંદ્રા SEZ, એર કાર્ગો કોમ્પ્લેક્સ મુંબઈ અને એર કાર્ગો કોમ્પ્લેક્સ હૈદરાબાદ સહિત અન્ય દ્વારા કરવામાં આવે છે. મધ્ય એશિયાના દેશો સાથે વેપારની શક્યતા અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે અમે પાકિસ્તાન સાથે વેપાર બંધ કર્યો નથી. મધ્ય એશિયા સાથેના વેપારના સંદર્ભમાં આપણી પાસે જે પણ વ્યવહાર વ્યવસ્થા છે તે પાકિસ્તાન મારફતે થવી જોઈએ. તેથી વેપાર માર્ગ ખોલવાની જવાબદારી પાકિસ્તાનની છે. પટેલે કહ્યું કે વેપાર ઉપર સસ્પેન્શન ભારત દ્વારા નહીં પરંતુ પાકિસ્તાન દ્વારા 'એકપક્ષીય રીતે' લાદવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ માટે જવાબદારી પાકિસ્તાનની છે કારણ કે ટ્રાન્ઝિટ તેમના પ્રદેશમાંથી જ થવાનું રહેશે. નવી દિલ્હીએ જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી ૨૦૧૯માં, પાકિસ્તાને ભારત સાથે દ્વિપક્ષીય વેપાર સ્થગિત કર્યો અને ઈસ્લામાબાદમાં તેના હાઈ કમિશનરને હાંકી કાઢ્યો. ભારતની સ્થિતિ એ છે કે તે પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી સંબંધો ઈચ્છે છે, જ્યારે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્રકારની સગાઈ માટે આતંકવાદ અને દુશ્મનાવટથી મુક્ત વાતાવરણ બનાવવાની જવાબદારી ઈસ્લામાબાદની છે.

# રાજ્યમાં કુપોષણ દૂર કરવા કરોડોના ખર્ચ અને મોટી વાતો વચ્ચે એક વર્ષમાં ચાર ગણા કુપોષણ બાળકો વધ્યા



ગાંધીનગર, તા.૧૦

રાજ્યની ભાજપ સરકાર છેલ્લા બે વર્ષથી રાજ્યમાંથી કુપોષણ દૂર કરવાની અને તેના માટે હજારો કરોડ રૂપિયા ફાળવવાની વારેઘડિયે મોટી-મોટી વાતો કરે છે. ત્યારે વિધાનસભાના બજેટ સત્રમાં બહાર આવેલી હકીકત અત્યંતચોંકાવનારી છે. રાજ્યમાં સરકારની કુપોષણ દૂર કરવાની કાર્યવાહીની વાતો વચ્ચે રાજ્યમાં કુપોષણ દૂર થવાને બદલે ઝડપથી વધી રહ્યું હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં બે વર્ષમાં કુપોષિત બાળકો ઓછા થવાને બદલે ચાર ગણા વધી જવા પામ્યા હોવાની વિગતો સરકારી ચોપડેથી જ બહાર આવી છે. એટલે કે સવા લાખ બાળકોથી વધી સીધા ૫.૭૦ લાખ બાળકોએ આંક પહોંચ્યો છે. ત્યારે સરકાર સામે આકરા પ્રહારો કરતા વિપક્ષ કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારે બજેટના પૈસા બાળકોના કુપોષણ દૂર કરવાની જગ્યાએ ભ્રષ્ટાચારમાં તથા તાયફાઓમાં કરોડો ખર્ચ્યા તે પછી બાળકોનું નહીં પરંતુ મળતિયાઓનું કુપોષણ દૂર થયું છે. એટલું જ નહીં તેમણે તો ગંભીર આક્ષેપ કરતા કહ્યું છે કે, આ તો સરકારી આંકડા આંગણવાડીમાં આવતા બાળકોના છે. જે નથી આવતતેવા કુપોષિત બાળકોની સંખ્યા તો લાખોમાં છે.

વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન રાજ્યમાં કુપોષિત બાળકો અંગેનો પ્રશ્ન રજૂ થતાં વિપક્ષ કોંગ્રેસે તેને લઈને ભાજપ સરકારને બરોબરીની ઘેરી હતી. સરકારને કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા પૂછાયેલ કુપોષિત બાળકો અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રીએ આપેલ હકીકત ચોંકાવનારી રહી હતી. જેમાં રાજ્યમાં ડિસેમ્બર ૨૦૧૮ની સ્થિતિએ કુપોષિત બાળકો ૧,૧૮,૦૪૧ હતા. તે બાદ ૨૦૨૨ ડિસેમ્બરમાં તે વધીને ૧,૨૫,૯૦૭ થવા પામેલ છે. ત્યારબાદ ૨૦૨૩ના ડિસેમ્બરની સ્થિતિએ તેમાં ચાર ગણો વધારો થયો હોય તેમ રાજ્યમાં ૫,૭૦,૩૦૫ કુપોષિત બાળકો હોવાનું સરકાર તરફથી જવાબમાં જણાવાયું છે. એટલું જ નહીં રાજ્યના આદિવાસી બહુમતી વસ્તી ધરાવતા જિલ્લાઓની સ્થિતિ તો સૌથી વધુ ખરાબ હોવાનું આંકડા પરથી જણાય છે. જેમાં દાહોદ જિલ્લામાં ૫૧,૩૨૧ બાળકો કુપોષિત છે તે પછી બનાસકાંઠા જિલ્લામાં ૪૮,૮૬૬ બાળકો કુપોષિત હોવાનું જણાવાયું છે. જ્યારે રાજ્યભરમાં અમદાવાદ જિલ્લો સૌથી ટોપ ઉપર રહેતા તેમાં ૫૬,૯૪૧ બાળકો કુપોષિત નોંધાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ૨૦૧૮માં માત્ર ૧૬૬૨ કુપોષિત બાળકો અને ૨૦૨૨માં ૨૨૩૬ બાળકો નોંધાયેલા હતા. જે વધીને ૫૬,૯૪૧ થયા તો તેમાં એક જ વર્ષમાં કેટલા ગણો અધધ વધારો થયો તે અત્યંત ચોંકાવનારૂં છે. એકલા અમદાવાદમાં જ એક વર્ષમાં પોષિત બાળકોમાં ૨૬ ગણો વધારો થવા પામ્યો છે તે સરકારી તંત્રની કામગીરીની હકીકત સ્પષ્ટ કરે છે. આ અંગે કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સરકાર કુપોષણ દૂર કરવાના પોકળ દાવાઓ કરે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. રાજ્યમાં કુપોષિત બાળકો ઓછા થવાને બદલે વધી રહ્યા છે અને તે પણ આટલા ઝડપથી તે ઘણું બધુ કહી જાય છે. એટલે કે સરકારી દાવા અને ખરી હકીકતનો ભેદ સ્પષ્ટ કરે છે. રાજ્યમાં આંગણવાડી કેન્દ્રો સિવાયના કુપોષિત બીજી તરફ અતિકુપોષિત બાળકોનો આંક પણ ઘણો છે. જેમાં વિવિધ જિલ્લાઓની વાત કરવામાં આવે તો બનાસકાંઠામાં ૪૮૮૬૬ કુપોષિત પૈકી ૧૨૨૫૬ બાળકો અતિકુપોષિત, તેમજ દાહોદમાં ૫૧૩૨૧ કુપોષિત પૈકી ૧૧૨૫૯ બાળકો અતિકુપોષિત છે. જ્યારે રાજ્યમાં સૌથી વધુ અમદાવાદમાં ૫૬૯૪૧ કુપોષિત પૈકી ૧૩૨૭૭ બાળકો અતિકુપોષિત હોવાની વિગતો આપી છે. જેના સામે પાટણમાં ૧૧૧૮૮ કુપોષિત પૈકી ૨૦૫૭ બાળકો અતિકુપોષિત છે. રાજકોટમાં ૫૫૫૭૩ કુપોષિત પૈકી ૩૧૫૬ બાળકો અતિકુપોષિત છે. જ્યારે સુરતમાં ૨૬૬૮૨ કુપોષિત પૈકી ૫૧૬૬ બાળકો અતિકુપોષિત છે અને વડોદરામાં ૨૦૫૪૫ કુપોષિત પૈકી ૪૧૨૩ બાળકો અતિકુપોષિત છે. ભાવનગરમાં ૨૬૧૮૮ કુપોષિત પૈકી ૬૧૫૬ બાળકો અતિકુપોષિત છે. તેમજ ગાંધીનગરમાં ૧૪૬૨૬ કુપોષિત પૈકી ૩૧૧૫ બાળકો અતિકુપોષિત, જ્યારે પંચમહાલમાં ૩૧૫૧૨ કુપોષિત પૈકી ૮૧૫૨ બાળકો અતિકુપોષિત બાળકોની સંખ્યા વધુ છે.

# જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં મહામાસની નવરાત્રીનો ભક્તિમય પ્રારંભ

જૂનાગઢ તા. ૧૦ : જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવેલા માતાજીના મંદિરોમાં આજે ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા છે. મહા સુદ-૧ એટલે કે મહામાસ (માઘ) નવરાત્રીનો આજ તા.૧૦ ફેબ્રુઆરીથી મંગલમય પ્રારંભ થયો છે. શકિતની આરાધનાનાં પર્વે માતાજીનાં મંદિરોમાં વિશેષ પૂજા, હવન, અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. સાક્ષાત શકિત સ્વરૂપા અને જુદા જુદા સ્વરૂપે બિરાજતા અને સૌનું કલ્યાણ કરનાર માતાજીને ભાવવંદના કરવામાં આવી રહી છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં કૃષિ યુનિવર્સીટી ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીના મંદિર તેમજ ખામધ્રોળ રોડ ઉપર આવેલા આઈશ્રી ખોડીયાર માતાજી મંદિર અને ઉપરકોટ ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીના મંદિર ખાતે પૂજન-અર્ચન સહિતના કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ ઉપરાંત ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજી મંદિર, ચામુંડા માતાજી મંદિર, ગાયત્રી માતાજી મંદિર, મહાલક્ષ્મી માતાજી મંદિર તેમજ ગરવા ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીના મંદિર અને શહેરભરમાં આવેલા વિવિધ માતાજીના મંદિરોએ આજે માતાજીના દર્શને ભાવિકો ઉમટી પડયા છે. મંદિરોમાં ભકતો દર્શનાર્થે આવી પહોંચ્યા છે અને દર્શનનો લાભ લીધો છે. આજે પાવનકારી પર્વ એવા 'મહામાસ નવરાત્રી'નાં પ્રારંભે દરેક સ્વરૂપે બિરાજતાં માતાજીને સમગ્ર વિશ્વનાં કલ્યાણની પ્રાર્થના.





# જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના જન્મ દિવસે યુવાઓ દ્વારા ગીર સોમનાથ જિલ્લાની વિવિધ શાળાઓમાં ગીતાજી ભેટ આપી

## કોડીનારમાં યુવાનો દ્વારા શિક્ષણ અને સંસ્કૃતિ તથા ભારત માતાની આરતીનો કાર્યક્રમ




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૧૦

'ન ત્વમ કામયે રાજયમ, ન સ્વર્ગમ ન પુનર્ભવમ. કામયે દુઃખ તત્પનામ, પ્રાણીનામ અતિ નાશનમ...' કોડીનાર જેના પ્રાણોમાં વસે છે અને ગમે તેવી પરિસ્થિતિમાં કોડીનારના વિકાસની વાત જેમના મુખે સદાય રમતી હોય તેવા લોકલાડીલા અને સર્વ સમાજના લોકો માટે પ્રેરણારૂપ એવા દિનુભાઈ સોલંકીનો આજે જન્મ દિવસ છે અને આજે કોડીનારમાં દરેક લોકો યુવાનો જન્મ દિવસને જન્મોત્સવની જેમ મનાવી રહ્યા છે. પોતાના લોકપ્રિય નાયકને શુભકામનાઓ પાઠવી રહ્યા છે, ત્યારે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીનો જન્મ દિવસે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, ઉના, ગીરગઢડા, સુત્રાપાડા જેવા તાલુકાની ખાનગી અને સરકારી શાળાઓમાં ગીતાજીના પુસ્તકની ભેટ આપી સામાજિક અગ્રણી રાજેશ સોલંકી તથા સર્વે સમાજના યુવાનોની ટીમ દ્વારા તેમના જન્મ દિવસની શિક્ષણ તથા સંસ્કૃતિ ક્ષેત્રે કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં ગીતાજીની ભેટ આપવામાં આવી હતી. રાષ્ટ્રવંદના કાર્યક્રમ જેવા કાર્યો સન્માન, અનુદાન અને સાધના અને ઈશ્વરની આરાધના તથા ભારત માતાની ઉપાસના - આરતી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પૂર્વ ધારાસભ્ય તથા પૂર્વ સાંસદ તરીકે અનેક કષ્ટો સહન કરી કોડીનારને કુબેર નગરી ( સોનાનું શહેર) બનાવવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. ગુજરાતના અન્ય તાલુકાઓ કરતા કોડીનાર શિક્ષણ, ઉદ્યોગ તથા ભૌતિક સુવિધાઓની દ્રષ્ટિએ કોડીનાર નગર એક શ્રેષ્ઠ શહેર અને ગૌરવશાળી ગામ છે તેનો યશ દિનુભાઈ સોલંકીને જાય તેવું કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. કોડીનારની પ્રજાને કોઈપણ સમસ્યા હોય તો તેના નિવારણ માટે એક જ નામ મુખે આવે છે અને તે છે દિનુભાઈ સોલંકી. આજે તેમના જન્મ દિવસની અનેક શુભકામનાઓ તેમના ચાહકો દ્વારા વરસાવવામાં આવી રહી છે. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી દ્વારા અનેક માનવતાના મહાકાર્ય તેમજ કોડીનારના લોકોના હિત અને હક્ક માટે અનેક કાર્યો કર્યા છે. તેમાં શિક્ષણ, આરોગ્ય, લોકોની રોજગારી અને સામાન્ય સુખાકારી તથા મનોરંજન જેવી અનેકવિધ સુવિધાઓ તેમણે કોડીનાર નગરજનો અને ગ્રામજનો માટે વિકસાવી છે. તેમણે એક પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાની સેવા કરી છે. તેઓએ ખોટા વચનો નથી આપ્યા પણ સમયે સાચી સેવા કરી છે અને લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્યારે કોડીનારની પ્રજાને ખરા સમયે તેમને જરૂર પડે છે ત્યારે તેઓ ખડેપગે ઉભા રહીને દિવસ રાત અને તડકો છાંયો જોયા વિના પોતાની સેવા બજાવે છે. પ્રજા પ્રતિનિધિ ધર્મ નિભાવે છે. તેમની સેવા અને સદ્‌કાર્યોને સો - સો સલામ. તેઓ એક સાચા જનનાયક છે. તેમની સેવા અને સહાયની વૃતિને કારણે આજે કોડીનાર સર્વ સમાજના લોકોમાં તેમનું એક આગવું સ્થાન છે. કોડીનારમાં શિક્ષણ માટે અને રોજગારી માટે કાર્યરત યુવાનોને પ્રોત્સાહિત કર્યા અને સહકાર આપ્યો છે. તેમણે આ વિસ્તારમાં રોડ, રસ્તા, લાઈટ પાણી જેવી નાગરિકોની પ્રાથમિક સુવિધાઓથી લઈને ખેડૂતો, કર્મચારીઓ, અધિકારીઓ, વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ અને બાળકો તેમજ ખાસ કરીને જનતાની સુખાકારી માટે અનેક સેવાઓ માટે ખાસ કાર્યો કર્યા છે. તેઓએ કોડીનાર શહેર અને તાલુકાના લોકોને જ પોતાનો પરિવાર માન્યો છે અને છેવાડાના માનવીના ઘરે જઈને તેમણે પ્રજામાં વિશ્વાસ પેદા કર્યો કે હું તમારો છું અને આખરે ટૂંક સમયમાં આ પ્રયત્ન રંગ લાવ્યો અને તેમના વિરોધીઓ પણ તેમના વખાણ કરતા થયા છે. સાદગી, સરળતા અને સમરસતા એ તેમના જીવન સાથે વણાયેલા ગુણો છે. જરૂરિયાતમંદ યુવાનો, ભાઈઓ, બહેનો તાલીમ લઈને સરકારી સેવામાં જાય અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની નોકરીઓ મેળવે માટે એક અનોખી પહેલ કરી છે. તેમના જન્મ દિવસ નિમિતે કોડીનારના યુવાનો દ્વારા ભારત માતા આરતી પૂજન પણ આયોજન કરવામાં આવ્યું હતું. સેવા, શક્તિ, ભક્તિ તેમજ સમરસતા જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો દ્વારા યુવાનોએ આજે તેમનો જન્મ દિવસ મનાવ્યો હતો. વધે તમારી નામના બસ એજ શુભકામના. સર્વ સમાજ કોડીનાર દ્વારા પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીને જન્મ દિવસની શુભકામનાઓ.


# હોલીડે એડવેન્ચર એકટીવીટી જૂનાગઢ દ્વારા ટ્રેકીંગ કેમ્પ યોજાશે

જૂનાગઢ તા. ૧૦

હોલીડે એડવેન્ચર એકટીવીટી જૂનાગઢ સંસ્થા કે જે સરકાર માન્ય રજીસ્ટર સંસ્થા છે. જેના તા.૧૦-૨-૨૪ ના રોજ ૧૫ વર્ષ પુર્ણ થતાં આ ઉજવણીના ભાગરૂપે અને સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળા, બાંધાળાના સહયોગથી આવતીકાલ તા.૧૧-૨-૨૪ રવિવારના રોજ મહિલા અને બાલિકાના સાહસિક વિકાસ, આત્મવિશ્વાસ વધે તે હેતુથી મધર -ડોટર (માતા-પુત્રી) જોડી માટે વિનામૂલ્યે એક દિવસનો ટ્રેકીંગ કેમ્પ જૂનાગઢના ભવનાથ ખાતે રાખેલ છે. આ સંસ્થા દ્વારા અત્યાર સુધી બાળકો, મહિલા અને યુવાનો માટે ૪૧ એક દિવસીય ટ્રેકીંગ કેમ્પ સફળતા પુર્વક પુર્ણ કરેલ છે. અને જૂનાગઢ ગુજરાત અને ગુજરાત બહાર સફળ કેમ્પ કરાવે છે. આ કેમ્પમાં જોડાવા માટે મો.૯૭૩૩૦ ૫૦૧૧૧ અથવા ગુજરાત સ્પોર્ટસ, સોપર પોઈન્ટ, એરટેલ ઓફીસ પાસે, તળાવ દરવાજા, જૂનાગઢ ખાતે સંપર્ક સાધવા તથા વધુ માહિત વેબસાઈટ www.holidayadventure.org ઉપરથી મળી શકશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# કોડીનાર શહેરના બોડકી નામનાં રહેણાંકી વિસ્તારમાં તબેલાનું છાપરૂં તોડી ખુંખાર દીપડો ઘૂસ્યો, સ્થાનિકો ભયભીત

## ચાલાક દીપડાને પકડવા ત્રણ કલાકની ભારે જહેમત બાદ બેભાન કરી દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૦

કોડીનાર નગરપાલિકાની હદમાં આવેલા રહેણાંક બોડકી વિસ્તારમાં આવેલી પાલિકાનાં પૂર્વ સદસ્યની વાડીમાં આવેલા માલઢોરના તબેલાનું છાપરૂ તોડી ખૂંખાર દીપડો મારણ કરવા ઘૂસતાં વન વિભાગે ત્રણ કલાકની ભારે જહેમત બાદ મોડી રાત્રે દીપડાને બેભાન કરી પાંજરે પૂર્યો હતો.

આ અંગેની મળતી માહિતી મુજબ ગત રાત્રે કોડીનાર શહેર વિસ્તારમાં આવેલા બોડકી વાડી વિસ્તારમાં રહેણાંકી વસાહત પાસે નગરપાલિકાનાં પૂર્વ સદસ્ય નારણભાઈ મસરીભાઈ બારડની વાડીમાં આવેલા માલઢોરના તબેલાનું છાપરૂ તોડીને મારણ કરવા ખૂંખાર દીપડો ઘૂસ્યો હતો. જો કે આ દીપડાએ છાપરૂં તોડતા મોટો અવાજ આવતા આજુ બાજુમાં રહેતા લોકોને દીપડો દેખાતા સ્થાનિકોએ વાડી માલિક નારણભાઈને જાણ કરતા તેઓએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. આથી જામવાળાથી રેસ્કયુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા દીપડાએ તબેલામાં રહેલી એક ગાયને પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હોવાનું દર્શાયું હતું. આથી વન વિભાગે બંધ તબેલાની જગ્યા કોર્ડન કરી ત્રણ કલાકની ભારે જહેમત બાદ બે ડોઝ ડાટ વડે ટ્રાંકવિલાઈઝ આપી દીપડાને બેભાન કરી પકડી પાંજરે પૂર્યો હતો. આ ચાલાક દીપડાને બેભાન કરવામાં વન વિભાગને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જે તબેલામાં દીપડો હતો ત્યાં ૧૫ જેટલા પશુઓ બાંધેલા હોવાથી તમામની સલામતી રાખી પશુની ગમાણ વચ્ચે લપાયને બેઠેલા દીપડાને અંતે પકડી પાડતા આસપાસનાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ રેસ્કયું ઓપરેશનમાં જામવાળા વન વિભાગનાં આર.એફ.ઓ બી.બી. વાળા, ઘાંટવડ ફોરેસ્ટર રવિભાઈ મોરી, લીમધરા ફોરેસ્ટર એસ.બી. સોલંકી અને જામવાળા વેટરનરી ડોકટર મુરબિયા, ઈન્ચાર્જ રાઉન્ડ ફોરેસ્ટર મહેન્દ્રભાઈ રાઠોડ, ગાર્ડ અંકિતભાઈ રાજપૂત અને અલીભાઈ ટ્રેકર તેમજ છારા રાઉન્ડ સ્ટાફ અને જામવાળા રેસ્કયુ ટીમ જોડાઈ હતી. આ દીપડાનું રેસ્ક્યુ કરી જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ દીપડો જે સ્થળેથી પકડાયો આ વિસ્તારમાં વાડી સહિત ઘણાં પરિવારો રહેણાંક મકાન ધરાવે છે. આ લોકોએ જણાવ્યા પ્રમાણે છેલ્લા બે વર્ષથી દીપડાની રંજાડ આ વિસ્તારમાં વધી છે. વન વિભાગ પાંજરા પણ મૂકે છે. પણ દીપડાઓ આજ દિન સુધી પકડતાં નથી. છાશવારે સાંજનાં સમયે પણ આ વિસ્તારમાં દીપડાઓ ચડી આવે છે. હજુ પણ એક થી બે દીપડા આ વિસ્તારમાં હોવાનું સ્થાનિકોનું કહેવું છે. અવાર-નવાર અહીં દીપડા કૂતરા અને પાલતું પ્રાણીઓનાં શિકાર માટે ચડી આવે છે. આ બાબતને વન વિભાગ દ્વારા હજું ગંભીરતા પૂર્વક સમજીને પેટ્રોલિંગ કરી પાંજરા ગોઠવી બીજા દિપડા પણ પકડી પાડે તેવી માંગણી ઊઠી છે.

**વાડી માલિક નારણભાઈ બારડ**

વાડી માલિક નારણભાઈ મસરીભાઈ બારડે જણાવ્યું હતું કે અહીં છેલ્લા કેટલા સમયથી દીપડાની રંજાડ વધી છે. દીપડાના ડરથી સાંજના સમયે આ રસ્તે એકલા આવતા લોકો ડરે છે. આજે જો લોકોએ દીપડાને તબેલામાં પતરૂં તોડી ઘૂસતાં ના જોયો હોત તો મારા ૧૫ દુધાળા પશુઓને ગુમાવવાનો વારો આવત. આ વિસ્તારમાં દીપડાને આવતા વનવિભાગે અટકવવા જરૂરી પગલા લેવા જોઈએ.

**પાલિકા સદસ્ય પ્રકાશભાઈ ડોડીયા**

કોડીનાર નગરપાલિકાના સદસ્ય પ્રકાશભાઈ ડોડીયાએ જણાવ્યું હતું કે દીપડાની વધતી જતી રંજાળ હવે શહેરી વિસ્તારમાં પણ પહોંચી છે. ત્યારે અહીં નગરપાલિકા વિસ્તારની અંદરના આજના બનાવથી આસપાસના તમામ રહેણાંકી મકાન ધારકો અને સોસાયટીના લોકોમાં ભયનો માહોલ પ્રસરી ગયો છે. ત્યારે દીપડાની રંજાળને કંટ્રોલ કરવા વન વિભાગ તાત્કાલિક ધોરણે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી આવા ખૂંખાર દીપડાઓને પકડીને અહીંની પ્રજાને ભયમુક્ત કરે તેવી અમારી માંગ કરી છે.

## ગ્રાહક વપરાશ યુક્ત બીલ માં પી.જી.વી.સી.એલ.-રાજકોટ તરફથી

# વિદ્યુત શુલ્ક વસુલાતમાં અક્ષમ્ય બેદરકારી અને અનિયમિતતા બાબતે જીલ્લા મેજિસ્ટ્રેટ રાજકોટની કોર્ટમાં લેખિત ફરીયાદ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૦

પત્રકાર વિપુલભાઈ શશીકાંતભાઈ દવેએ લેખિત ફરિયાદ કરતા જણાવેલ કે ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યુત શુલ્ક આયોગનાં ટેરિફ આદેશ મુજબ વિદ્યુત શુલ્ક 'કિંમત વાર (ad-valorem )' નાં સિધાંત મુજબ પી.જી.વી.સી.એલ તરફથી તેમના અંદાજીત ૫૦ લાખ નાગરીકો, ગ્રાહકો પાસેથી વિદ્યુત શુલ્ક આકારવાનું હોય છે અને તેની કાયદાકીય અને નિયમોનુસાર અને તેની વ્યાખ્યાઓ મુજબ 'કિમંત વાર (ad-valorem )' એટલે કે માલના ( પાવર )ની મૂળ કિમંત ઉપર અને ફિકસ રેટ અને વજન સિવાય ડ્યુટી ચાર્જ કરવાની રીત વાપરવાની હોય છે. પરંતુ પી.જી.વી.સી.એલ નાં વીજ વપરાશનાં બીલમાં જયારે / જેટલો વપરાશ હોય ત્યારે ફિક્સ ચાર્જ અને એનર્જી ચાર્જ અને ફયુલ કોસ્ટ ઉપર શુલ્ક આકારવામાં આવે છે. આમ ફિક્સ ચાર્જ ઉપર વિદ્યુત શુલ્કની ગણતરી કરવી તે 'કિમંત વાર (ad-valorem )' ની વ્યાખ્યાઓ અને નિયમોની વિરૂદ્ધ છે. નિયમોનુસાર જયારે કોઈજ વીજ વપરાશ નાં હોય ત્યારે ફક્ત ચાર્જ અને મીટર ભાડું જ વીજ બીલમાં આકારવામાં આવે છે. અને અહી ફિક્સ ચાર્જ ઉપર વિધુત શુલ્ક - કિમંત વાર (ad-valorem )નાં સિધાંત મુજબ આકારવામાં આવતું નથી, જેથી વીજ ગ્રાહકો અને નાગરીકોને જયારે વપરાશ નાં હોઈ ત્યારે પણ ફિક્સ ચાર્જ ઉપર વિદ્યુત શુલ્ક ગણવામાં આવતું હોવાથી આર્થિક નુકશાન ભોગવવું પડે છે. અને આ જટિલ અને અઘરી ગણતરીઓની સમજ નાગરીકોને ના હોવાથી સમસ્યાઓ પેદા થાય છે. આપ નામદાર કોર્ટને વધુ સરળતાથી સમજાવવા માટે એક દાખલો નીચે આપેલ છે.

જયારે NRGP – જોડાણ માં ૨૦ હોર્સ પાવર / કિલો વોટ નો લોડ હોઈ ત્યારે..

| વપરાશ | શુન્ય | ૧૬૯૦ યુનિટ વપરાશ | ફિક્સ ચાર્જ વિદ્યુત શુલ્ક |
|---|---|---|---|
| ફિક્સ ચાર્જ | ૨૭૦૦ | ૨૭૦૦-૦૦ | ૨૭૦૦-૦૦ |
| એનર્જી ચાર્જ | -- | ૭૮૫૮-૫૦ | ૭૮૫૮-૫૦ |
| ફયુલ કોસ્ટ | -- | ૨૮૮૯-૯૦ | ૨૮૮૯-૯૦ |
| વિદ્યુત શુલ્ક ૨૫ % | ---- | ૩૩૬૨-૧૦ | ૨૬૮૭-૧૦ |
| મીટર ભાડું - | ૬૦-૦૦ | ૬૦-૦૦ | ૬૦-૦૦ |
| -યોગ/પુલ- | ૨૭૬૦-૦૦ | ૧૬૮૭૦-૫૦ | ૧૬૧૯૫-૫૦ |

વધુ લોડ વાળા ઈન્ડસ્ટ્રીઝ / ઔધોગિક જોડાણને ફિક્સ ચાર્જ વધુ થતો હોઈ તો વધુ નુકશાન ભોગવવાનું આવે છે. અને આ સાથે ટેરીફ ઓર્ડર અને - કિમંત વાર ( ad-valorem) ની વ્યાખ્યાઓ પણ બીડાણ કરેલ છે. આથી આમ નામદાર કોર્ટને વિનંતી કરવાની કે નિયમો અનુસાર સાચી ગણતરીઓ કરી પીજીવીસીએલનાં તમામ ગ્રાહકો અને નાગરીકોનાં હિતમાં તેઓ વીજ બીલમાં નિયમો મુજબ જ વિદ્યુત શુલ્ક ગણે તેવો આદેશ/ દાદ આપવા વિનંતી અને આ સાથે તેઓની ઓથોરીટી, અધ્યક્ષશ્રી, ગુજરાત વીજ નિયંત્રક આયોગ, ૬ ઠો , માળ, ગીફ્ટ વન , રોડ – ૫ , સી, ઝોન- ૫ , ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ ને પણ જરૂરી આદેશો આપી , નાગરીકનાં હિતમાં કામગીરી થાય તેવા આદેશો આપવા વિનંતી કરી છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી સચિવ

# એમ. એ.પંડ્યાની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન અને વિકાસ કાર્યો અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૦

સેટલમેન્ટ કમિશ્નર અને નિયામક જમીન દફતર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી સચિવશ્રી એમ.એ.પંડ્યાની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન અને જિલ્લામાં પ્રગતિ હેઠળના વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી.




પ્રભારી સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં જિલ્લાના આયોજન કામો તેમજ જિલ્લાના મહત્વના પ્રોજેક્ટ એવા સિગ્નેચર બ્રિજ, શિવરાજપુર બીચ, કુરાંગા - ખંભાળિયા - દેવરિયા નેશનલ હાઈવે તેમજ સાની ડેમ પ્રગતિ હેઠળના કાર્યો અંગેની સમીક્ષા કરી તાકીદે કામો પૂરા કરવા જરૂરી સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રભારી સચિવએ સંલગ્ન વિભાગના અધિકારીઓને નાગરિકોના પ્રશ્નોના તાકીદે નિરાકરણ લાવવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે પ્રગતિ હેઠળના કામો વહેલી તકે પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી .ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આગામી તા ૨૪-૨૫ ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી દ્વારકામાં બેટ દ્વારકામાં સિગ્નેચર બ્રિજનું ઉદઘાટન કરશે





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું દ્વારકા બેટ દ્વારકા નો કાર્યક્રમ નક્કી થયા મુજબ તારીખ ૨૪ ના રાત્રી રોકાણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકા સર્કિટ હાઉસમાં કરશે તારીખ ૨૫ ના દિને દ્વારકાધીશના દર્શન કરી બેટ-દ્વારકા ના સિગ્નેચર બ્રિજને ખુલ્લો મુકશે. વડાપ્રધાનના આ કાર્યક્રમ માટે ગુજરાત રાજ્ય સરકાર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રએ તાડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે

ગઈકાલે સાંજે દ્વારકાના સર્કિટ હાઉસમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા એ સ્થાનિક અધિકારીઓ -દ્વારકા પ્રાંત અધિકારી ભગોરા, દ્વારકા નગરપાલિકા ચીફ ઓફિસર ઉદય નસીત, ડીવાયએસપી એસ.પી.પરમાર તથા ધારાસભ્ય પબુભા માણેકને સાથે રાખીને દ્વારકાના હોટલ એસોસિયન, વેપારી મંડળ અને એનજીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં કલેકટર પંડ્યા ના જણાવ્યાઅનુસાર તારીખ ૨૪ મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી નું રાત્રી રોકાણ દ્વારકા ખાતે હોય અને ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિ ઉપર પ્રવાસનલક્ષી સુવિધા તેમજ શ્રીકૃષ્ણના શયનસ્થાન એવા બેટ -દ્વારકા ને ભૂમાર્ગે જોડતો સિગ્નેચર બ્રિજ ખુલ્લો મુકવાનો હોય ત્યારે વડાપ્રધાનના આગમન સાથે સમગ્ર દ્વારકા ક્ષેત્ર એક મહાઉત્સવ સાથે ઉપશી આવે તેવી તૈયારીઓ શરૂ કરવા અપીલ કરી હતી. કલેકટરે વડાપ્રધાનના કાર્યક્રમ અંગે વિગતો આપતા જણાવેલ કે તેઓ દ્વારકાધીશના દર્શન કરી દ્વારકા ખાતેના એનડીએચ હાઈસ્કૂલના વિસ્તાર ગ્રાઉન્ડમાં વિશાળ જનમેદનીને સંબોધન કરનાર છે.

આ કાર્યક્રમ દરમિયાન તારીખ ૨૪ મી એ રાત્રિના રાજ્ય સરકાર, પાલિકા, હોટલ એસોસિએશન, વેપારી મંડળો, દ્વારકા તાલુકાની કચેરીઓ, જાહેર માર્ગો, પ્રવેશ દ્વારા, દ્વારકાધીશના દ્વારકા, બેટ-દ્વારકાના મંદિરો સહિતના મહત્વના સ્થળોએ રોશની થી ઝળહળતા કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને સંસ્થાઓને ડેકોરેટિવ કરવા બેઠકોમાં અપીલ કરી હતી.આ ઉપરાંત ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ બેટ-દ્વારકા તથા દ્વારકા શહેરમાં આવેલ તમામ મિલકતો, બજારો, રહેણાંકો વિગેરેને પણ સુશોભિત કરવામાં આવનાર છે

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના સચિવ, પ્રવાસન વિભાગના સચિવ તથા રાજ્યના અનેક અધિકારીઓ કાર્યક્રમની સુચારૂ વ્યવસ્થા અંગે દ્વારકા આવી રહ્યા છે આવતીકાલથી જ દ્વારકા શહેરમાં રખડતાં પશુઓને અન્યત્ર ખસેડવા અભિયાન હાથ ધરવામાં આવનાર છે ખાસ કરીને દ્વારકા શહેરમાં વિશેષ સફાઈ ઝુંબેશ પણ હાથ ધરાશે જે માટે બહારથી પણ સફાઈ કર્મીઓ આવનાર છે.વડાપ્રધાન મુલાકાતના પગલે કાયદો અને સુરક્ષા માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાન્ડે અને રાજય પોલીસ વડાના માર્ગદર્શનમાં સુરક્ષાલક્ષી તૈયારીઓ શરૂ કરવામાં આવનાર છે ધારાસભ્ય પબુભા માણેકે દ્વારકા ક્ષેત્રના દ્વારકાથી ઓખા મીઠાપુર સુરજકરાડી આરંભડા અને બેટ દ્વારકામાં ઘરે ઘરે તા.૨૪ મીએ દીપ પ્રાગટય કરવા માટે અપીલ કરી છે દ્વારકા શહેર ભાજપના પ્રમુખ વિજયભાઈ બુજડ દ્વારા પણ શહેર સંગઠનના હોદ્દેદારો,સદસ્યોની તથા પાલિકાના માજી સદસ્યોની ખાસ બેઠક બોલાવવામાં આવનાર છે

# સમાજને કેન્સરમુકત અને ભયમુકત જીવન પ્રદાન કરવું એજ રાજકોટ કેન્સર સોસાયટીનો ધ્યેય : ડો.ખ્યાતી વસાવડા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૦

"વિશ્વ કેન્સરદિવસ"દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાંઉજવવામાં આવે છે.આ દિવસનીઉજવણીનો મુખ્યઉદેશ્યસમાજમાં કેન્સર પ્રત્યેની જાગૃતિઅને ભય દુર કરવાનો છે.જેના માટે રાજકોટ કેન્સર સોસાયટી લગભગ છેલ્લા ૬ દાયકાઓથી સતત કાર્યશીલ અને સંવેદનશીલ છે.

૧૯૬૯ થી અવિરત કેન્સરના દર્દીઓના નિદાન અને સારવારમાં કાર્યરત નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ એટલે રાજકોટ કેન્સર સોસાયટી. આ દિવસ નિમીતે રાજકોટ કેન્સર સોસાયટી દરેક વ્યકિત,સમાજ અને સંસ્થા વગેરેનો કેન્સર સામેની લડાઈમાં સાથ આપવા બદલ આભાર માને છે.

રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડાના જણાવ્યા મુજબ કેન્સરની સંપુર્ણ સારવાર એક છત્ર હેઠળ મળી રહે તે ખુબ જ જરૂરી છે.રાજકોટ કેન્સર સોસાયટી આ કેન્સર સામેની લડાઈમાં વ્યકિતગત રીતે અને સમાજીક રીતે સહકાર મળે તે માટે અપીલ કરેલ છે.જેથી



કેન્સરના દર્દીના જીવનનું સ્તર સુધારી શકાય, અને જીવનપ્રત્યેનો અભિગમ બદલી શકાય.

વિશ્વ કેન્સરદિવસની ઉજવણી કેન્સરને માત આપી ગૌરવપુર્ણ જીંદગી જીવી રહેલા દર્દી માટે ઉજવવામાં આવે છે.વિશ્વસ્તરે ત્રણ વર્ષ પહેલા"Close The Care Gap" ઝુંબેશની શરૂઆત શરૂ કરી હતી.જે કેન્સર ની સંભાળમાં રહેલી અસમાનતા દુર કરવાની પહેલ છે.

આ ઝુંબેશનો મુખ્યધ્યેય દર્દીની યોગ્ય સારવાર,કેન્સરનો ડર ઘટાડવા અને સમાજ,પરિવાર કેન્સર ગ્રસ્ત લોકોને સ્વીકારે અને સમર્થન આપે તેવા સમાજને આગળ લાવવાનો છે.કેન્સર સામેની આ લડાઈ ફકત કેલેન્ડરમાં એક દિવસ પુરતી મર્યાદિત નથી પણ કેન્સર સામેની લડાઈ તેમજ કેન્સર મુકત ભવિષ્ય માટે સામુહિક રીતે કામ કરવાની પ્રતિબધ્ધતા છે. રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડાના જણાવ્યા પ્રમાણે હોસ્પિટલમાં લગભગ વર્ષો ૭૦૦૦ નવા દર્દી તપાસ અર્થે આવે છે જેમાં રોજના ૧૦ થી ૧૫ દર્દીના કેન્સરના ઓપરેશન તથા ૯૦ થી ૧૦૦ દર્દીની કીમોથેરાપી અને લગભગ ૧૭૫ થી ૨૦૦ દર્દીની રેડિયેશનથી સારવાર કરવામાં આવે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલના મુજબ ૨૦૩૦ સુધીમાં કેન્સર સંબંધીત મૃત્યુમાં આશ્ચર્યજનક ૭૫% દરથી વૃધ્ધિ થઈ શકે છે.જે એક અત્યંત ગંભીરવાસ્તવીકતા છે જેના ઉપર તાત્કાલીકધ્યાન આપવાનની માંગ છે.કેન્સર મુકત વિશ્વ માટે બધાનો સાથ અને સહકાર જરૂરી છે.

રાજકોટ કેન્સર સોસાયટી જનજાગૃતિ ફેલાવવાના મહત્વ ઉપર ભાર મુકે છે તેમજ સમાજમાં કેન્સર પ્રત્યે ભય દુર કરી કેન્સર પ્રત્યેની જાગૃતતા અને બધા દર્દીઓને સારવાર મળી રહે તેના માટે કટીબધ્ધ છે.

કેન્સર સામેની લડાઈમાં મોખરે રહેલી રાજકોટ કેન્સર સોસાયટી વ્યકિતઓ,સમુદાયો અને સંસ્થાઓને કેન્સરથી પીડીત લોકોના જીવનમાં બદલાવ લાવવા માટે સાથે જોડાવવા વિનંતી કરે છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે દ્વિ-દિવસીય ભારતીય ભાષા અનુવાદ કાર્યશાળાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૦

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ભારતીય ભાષા સમિતિના આર્થિક સહયોગથી દ્વિ-દિવસીય કાર્યશાળાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તારીખ ૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અત્રેની યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાંત સેનાપતિની અધ્યક્ષતામાં તેમજ કુલસચિવશ્રી ડૉ.દશરથ જાદવનાં માર્ગદર્શનમાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વેદ મંત્રોચાર કરી દીપ પ્રાગટ્યથી કરવામાં આવી અને સેમિનારનાં સંયોજિકા ડો. ઉમા મહેશ્વરી દ્વારા મહાનુભાવોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને કાર્યશાળાના આયોજન પાછળનો ઉદ્દેશ્ય તેમજ કાર્યક્રમની પ્રસ્તાવનાના વિવરણ કરવામાં આવ્યું. અને જણાવ્યું કે આ બે દિવસની કાર્યશાળામાં ૮૫ જેટલાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો ભાગ લીધો. અને અનુવાદ શૈલીને જાણનારા સંસ્કૃતનાં વિદ્વાનો દ્વારા



અનુવાદઅંગે નું માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જણાવ્યું કે ભારતમાં વિવિધ રાજ્યોમાં વિવિધ ભાષાઓનો પ્રયોગ થઈ રહ્યો છે. ત્યારે બહુભાષિકતાના પ્રોત્સાહન માટે અને વિવિધ ભાષાઓમાં રહેલા શાસ્ત્રો અને તેમા રહેલાં તથ્યો ને સમજવા માટે અનુવાદનું ખૂબ જ મહત્વ છે. ત્યારે સંસ્કૃતભાષા પ્રાચીનભાષા છે. અને વિશાળ જ્ઞાનનો ખજાનો તેમાં નિહિત છે. તેના માટે અનુવાદ ની આવશ્યકતા ખૂબ જરૂરી છે. માટે આ અનુવાદ કાર્ય શાળા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી તેમજ જ્ઞાનવર્ધક રહેશે.અને અત્રેની યુનિવર્સિટી નાં કુલસચિવ ડૉ દશરથ જાદવ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું અભિવાદન કર્યું. ત્યાર બાદ ઓડિશાથી પધારેલ ડૉ. પ્રિયવ્રત મિશ્ર, તેમજ મૂખ્ય અતિથિ ડો. રવિન્દ્ર ખંડવાલ દ્વારા અનુવાદ પદ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. અને અનુવાદનું મહત્વ સમજાવવામાં આવ્યું. ત્યારબાદ કુલપતિજી દ્વારા અધ્યક્ષીય ઉદ્‌બોધન કરવામાં આવ્યું. અંતે ડૉ રામકુમારી દ્વારા આભાર વિધિ કરવામાં આવી અને આ કાર્યક્રમનું સંચાલન ડો. રાહુલકુમાર દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ડો. અમૃતલાલ ભોગાયતા, પ્રો. વિનોદકુમાર ઝા, ડો નરેન્દ્ર પંડયા યુનિવર્સિટીનાં અધ્યાપકો, શોધ છાત્રો તેમજ ગુજરાત તથા ભારતભરમાંથી મહાનુભાવો ઊપસ્થિત રહ્યાં હતાં.

જ્યારે ૯ ફેબ્રુઆરીનાં રોજ બીજા દિવસે પણ ચાર સેશન યોજાયાં હતાં. જેમાં પહેલા સેશનમાં ડૉ પ્રિયવત મિશ્રએ અનુવાદમાં આધુનિક શબ્દોનો પ્રયોગ, તેમજ તત્સમ, તદ્ભવ શબ્દોનાં પ્યોગની રીત સમજાવી. જયારે બીજા સેશનમાં ડો. રવિન્દ્ર ખાંડવાલા દ્વારા શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓનાં ડ્રોપ રેશિયો ઘટાડવા અન્ય ભાષાઓને માતૃભાષામાં અનુવાદની ખુબ જરૂરિયાત છે. જેથી બાળકો સરળતાથી વિષય સમજી અને તે માટે સરકાર દ્વારા અનુવાદ પદ્ધતિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

અને ત્રીજું સેશન ચર્ચાસત્ર યોજાયું, જેમાં પ્રતિભાગીઓ અને વિદ્વાનો વચ્ચે ચર્ચા સંવાદ થયો. અને અંતે ૯ ફેબ્રુઆરી સાંજે ૫ કલાકે યોગ ભવનમાં આ કાર્યશાળાનું સમાપન કરવામાં આવ્યું હતું જેમાં અધ્યક્ષ તરીકે અત્રેની યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વકતા તરીકે યુનિવર્સિટી સંચાલિત મહાવિદ્યાલયના પ્રાચાર્ય નરેન્દ્રકુમાર પંડ્યા તેમજ વિશિષ્ટ અતિથિનાં રૂપમાં ડો. અમૃતલાલ ભોગાયતા ડો .રવિન્દ્ર ખાંડવાલા, તેમજ ડો.પ્રિયવ્રત મિશ્ર હાજર રહ્યા હતાં, આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શોધ છાત્રો તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતાં અને ચાર પ્રતીભાગીઓએ પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કર્યા હતા અને આ કાર્યશાળા દ્વારા તેઓને અનુવાદ કાર્ય કઈ રીતે કરવું અને તેમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગે તેમને વિદ્વાનો દ્વારા ખૂબ સારું એવું માર્ગદર્શન મળ્યું તેવું જણાવેલ હતું. અંતે ડો.રાહુલ કુમાર ઝા દ્વારા આભાર વિધિ કરી હતી તેમજ આ સમાપનકાર્યક્રમનું સુચારૂ સંચાલન ડો. રામકુમારી દ્વારા કરાયું હતું. આમ દર્શન વિભાગનાં અધ્યક્ષા ડો. ઉમા મહેશ્વરીના સંયોજનમાં આ અનુવાદકાર્ય શાળા સંપૂર્ણ રીતે ખૂબ જ સફળ રહી હતી.

# દેવભૂમિ પોલીસની નવતર પહેલ: ચાની ચુસ્કી સાથે એસટી બસમાં મુસાફરો સાથે અવેરનેસ અંગેનો સંવાદ



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતા-જતા મુસાફરો, યાત્રાળુઓ તેમજ વાહન ચાલકોની સુરક્ષા તેમજ જાગૃતિ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા છેલ્લા કેટલાક સમયથી હકારાત્મક અભિગમ સાથે વિવિધ પ્રકારની પહેલ કરવામાં આવી રહી છે. તાજેતરમાં હાઈ-વે પર હેલ્મેટ વિતરણ, હાઈવે પર આઈ ચેકઅપ કેમ્પ સહિતના કાર્યક્રમો બાદ ગઈકાલે શુક્રવારે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા એસટીની બસમાં મુસાફરો સાથે ચા ની ચૂસકી લઈ અને ટ્રાફિક અવેરનેસનો સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

હાઈવે પર થતા અકસ્માત અટકાવવા તેમજ વાહન ચાલકો દ્વારા વિવિધ પ્રકારે જાગૃતિ કેળવાય તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા ખાસ અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેમાં અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના વડપણ હેઠળ જિલ્લા ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. વી.એમ. સોલંકી દ્વારા વધુ એક અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંતર્ગત ગઈકાલે શુક્રવારે ટ્રાફિક પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત લોકો દ્વારા ટ્રાફિક નિયમનું પાલન થાય તે આશયથી દ્વારકાથી ખંભાળિયા તરફ આવતી તેમજ જતી એસટીની બસોમાં જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. સોલંકી તેમજ તેમના સ્ટાફ દ્વારા વિવિધ ટીમ બનાવીને આ બસમાં બેઠેલા મુસાફરોને ટ્રાફિક અંગેનું સીધું જ માર્ગદર્શન મળી રહે તે માટે તેમજ અકસ્માત નિવારવા મુસાફરોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એસ.ટી.ની બસમાં મુસાફરો સાથે ચા પીતાપીતા પેમ્પલેટ સહિતના પ્રેઝન્ટેશન મારફતે વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવા, વાહનોના ઈન્ડિકેટર નો યોગ્ય ઉપયોગ કરવા, ઓવર સ્પીડમાં વાહનો ન ચલાવવા, કેપેસિટી કરતા વધુ મુસાફરો ન બેસાડવા, ફોર વ્હીલરમાં સીટ બેલ્ટ અને બાઈક ટુ-વ્હીલરમાં હેલ્મેટ પહેરવા સહિતની બાબતે જાગૃતિ કેળવવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ રીતે અલગ અલગ એસટીની બસોમાં આશરે ૩૦૦ થી વધુ મુસાફરો સાથે ચા ની ચૂસકી લગાવતા ટ્રાફિક નિયમન બાબતે ટ્રાફિક પોલીસ દ્વારા મુસાફરો સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો. આ રીતે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસનો આ નવતર અભિગમ મુસાફરો તેમજ લોકોમાં આવકારદાયક અને પ્રશંસારૂપ બની રહ્યો હતો.

# રિલાયન્સ ફાઉન્ડેશને ૨ લાખ સુધીની સ્કોલરશિપ માટે ૫ હજાર અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓના નામની જાહેરાત કરી

**૫,૫૦૦ થી વધારે શૈક્ષણિક સંસ્થાઓના ૫૮,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ અરજી કરી હતી : અરજીનું પરિણામ www.reliancefoundation.org ઉપર જોઈ શકાય છે**




મુંબઈ, તા.૧૦

રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ સ્કોલરશીપ ૨૦૨૩-૨૪ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. સ્કોલરશિપ માટે દેશભરમાંથી પાંચ હજાર વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં આ ભારતની સૌથી મોટી અને સૌથી વધુ સમાવેશી શિષ્યવૃત્તિ છે. શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને ૨ લાખ રૂપિયા સુધીની ગ્રાન્ટ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના નેટવર્કનો ભાગ બનવાની તક આપે છે.

ભારતના ૩૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫,૫૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓના ૫૮,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ માટે અરજી કરી હતી. તેમાંથી ૫૦૦૦ વિદ્યાર્થીઓની પસંદગી વ્યવસ્થિત અને સઘન પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી. ધોરણ ૧૨માં વિદ્યાર્થીઓની એપ્ટિટ્યુડ ટેસ્ટ અને પરફોર્મન્સ તેનો આધાર બનાવવામાં આવ્યો હતો. પસંદ કરેલા વિદ્યાર્થીઓમાંથી ૭૫% ની વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫ લાખથી ઓછી છે.

વિદ્યાર્થીઓ www. reliance founda tion.org પરથી તેમની અરજીનું પરિણામ જાણી શકે છે. રિલાયન્સ ફાઉન્ડેશન અંડરગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિનો ઉદ્દેશ્ય એવા વિદ્યાર્થીઓને ટેકો આપવાનો છે કે જેઓ પોતાને અને તેમના સમુદાયોને ઉત્થાન સાથે દેશના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપી શકે. વિદ્યાર્થીઓની પસંદગી ગુણવત્તા અને સંસાધનોની ઉપલબ્ધતા (મેરિટ કમ મીન્સ)ના આધારે કરવામાં આવે છે. જેથી કરીને તેઓ કોઈપણ આર્થિક બોજ વગર તેમનો સ્નાતક અભ્યાસ ચાલુ રાખી શકે.

શિક્ષણ, ઉત્કૃષ્ટતા અને નવીનતાના તેના વ્યાપક દ્રષ્ટિકોણના આધારે, રિલાયન્સ ફાઉન્ડેશન એ સુનિશ્ચિત કરવાનો સતત પ્રયાસ કરે છે કે 'મેરિટ કમ મીન્સ' અભિગમનો ઉપયોગ કરીને સ્નાતક વિદ્યાર્થીઓના એક મજબૂત અને વૈવિધ્યસભર જૂથને પસંદ કરવામાં આવે, જે યુવાનોની ક્ષમતાને બહાર લાવવામાં આવે, અને દેશ નવી ઊંચાઈએ પહોંચે. અત્યાર સુધીમાં, રિલાયન્સે ૨૩,૧૩૬ શિષ્યવૃત્તિઓ પ્રદાન કરી છે, જેમાંથી ૪૮% છોકરીઓ અને ૩,૦૦૧ દિવ્યાંગ વિદ્યાર્થીઓ છે.

આ વર્ષના સમૂહમાં કોમર્સ, આર્ટ્‌સ, બિઝનેસ/મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એપ્લિકેશન, વિજ્ઞાન, દવા, કાયદો, શિક્ષણ, હોસ્પિટાલિટી, આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ/ટેક્નોલોજી અને અન્ય અંડરગ્રેજ્યુએટ ડિગ્રી સહિત તમામ શાખાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. રિલાયન્સ ૧૯૯૬ થી લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરે છે. આ પરંપરાને આગળ વધારતા, ડિસેમ્બર ૨૦૨૨માં રિલાયન્સના સ્થાપક-ચેરમેન ધીરૂભાઈ અંબાણીની ૯૦મી જન્મજયંતિ પર, રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન, શ્રીમતી નીતા અંબાણીએ જાહેરાત કરી હતી કે તેઓ આગામી ૧૦ વર્ષ દરમ્યાન ૫૦,૦૦૦ શિષ્યવૃત્તિ પ્રદાન કરશે. શિષ્યવૃત્તિ ૨૦૨૩-૨૪ માટે ૫૦૦૦ વિદ્યાર્થીઓના નામોની આ જાહેરાત, ભારતના ભવિષ્યના નિર્માણ પ્રત્યે રિલાયન્સની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

# ઉનામાં કાયદો વ્યવસ્થા કથળી : પોલીસ નથી પકડતી તેનું શું કારણ તે લોકોમાં પ્રશ્ન

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૦

ઉના વિસ્તારમાં આવેલ સર્કિટ હાઉસમાં આજે માજી ધારાસભ્ય પુંજા ભાઈ દ્વારા કારોબારી મિટિંગ મળી જેમાં માજી ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા અનેક પોલીસ આક્ષેપ કર્યા જેમાં ઉનાનું ખૂબ ચર્ચિત તોડકાંડમાં આરોપીઓને પકડો જેનેલ લઈને સર્કિટ હાઉસ ખાતે મીટીંગ મળી જેમાં કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા બહારથી આવેલા કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા માજી ધારાસભ્ય પુંજાભાઈએ કહ્યું રેતી પણ બેફામ ચાલતી હોય છે રાત્રિ દરમિયાન ટ્રેકટરો બેફામ ચાલે છે મને ફોન પણ આવે છે આખી રાત ટ્રેકટર ચાલવાના કારણે સોસાયટીના રહીશો પણ પરેશાન છે ત્યારે તેઓએ બીજી વાત પણ કહી જૂનાગઢના તોડકાંડમાં પીએસઆઈ પકડાઈ જતો હોય તો ઉના તોડકાંડના મુખ્ય આરોપી પી.આઈ અને એ એસ આઈ કેમ પકડાતા નથી તો તેમાં ક્યાંક ને ક્યાંક પોલીસતે આરોપીઓને છાવડતી હોય તેઓ સ્પષ્ટ દેખાય છે તેમજ ઉનાની પરિસ્થિતિ ખૂબ ભયાનક છે બેફામ રીતે બધું ચાલતું હોય છતાં તંત્ર ચૂપ છે આવું કેમ પણ મારા ભાગે જે આવતું હોય તે હું ચોક્કસ કરીશ અને આવા લોકો પર કાર્યવાહી કરવા આજે માજી ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા આવેદનપત્ર પાઠવી ધારદાર રજૂઆત કરી છે

# ખંભાળિયા નગરપાલિકાની કારોબારી બેઠક યોજાઇ વાર્ષિક બજેટ સહિતના દસ ઠરાવ રજૂ થયા

(કુંજન રાડીયા દ્વારા)


જામ ખંભાળિયા, તા.૧૦

ખંભાળિયા નગરપાલિકાની કારોબારી સમિતિની એક બેઠક ગઈકાલે શુક્રવારે સાંજે મ્યુનિસિપલ ગાર્ડનમાં આવેલી પાલિકા કચેરી ખાતે યોજવામાં આવી હતી. નગરપાલિકાના કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલી કારોબારીની આ બેઠકમાં અયોધ્યા ખાતે રામ મંદિરના નિર્માણ અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા બદલ વડાપ્રધાનનો આભાર કરવા બાબત તેમજ નગરપાલિકાના એકાઉન્ટ વિભાગ દ્વારા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ નું વાર્ષિક બજેટ મંજુર કરવા સહિતના કુલ ૧૦ ઠરાવ રજૂ થયા હતા. આ બેઠકમાં કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા, કમિટીના સભ્યો તેમજ પાલિકાના ચીફ ઓફિસર ભરતકુમાર વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સંચાલન કમિટી કલાર્ક રાજુભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.



# જૂનાગઢ જીલ્લામાં જુદી જુદી આવાસ યોજના હેઠળ ૧૭૧૨ આવાસોનું ખાતમુર્હુત -લોકાર્પણ

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લાભાર્થીઓને ગૃહ પ્રવેશ : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ





જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ જિલ્લાના પાંચે ય વિધાનસભા બેઠક વાર કેન્દ્ર-રાજય સરકારની આવાસ યોજનાઓ હેઠળ લાભાર્થીઓના ઘરના ઘરનું આજ તા.૧૦-૨-૨૦૨૪ના રોજ ૧૧.૩૦ કલાકે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈમોદીના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઈ-લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવેલ છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પણ વર્ચ્યુઅલ ઉપસ્થિતિ રહી હતી.

જૂનાગઢ જિલ્લામાં પાંચે ય વિધાનસભા બેઠક વાર જુદી જુદી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ મકાનોનું સ્થાનિક ધારાસભ્યશ્રી અને અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ઈ-લોકાર્પણની સાથે ખાતમૂહુર્ત કરવામાં આવેલ છે.

૮૫ - માણાવદર વિધાનસભાનો એ.પી.એમ.સી.-વંથલી ખાતે, ૮૬ - જૂનાગઢ વિધાનસભાનો કૈલાશ ફાર્મ, જૂનાગઢ ખાતે, ૮૭-વિસાવદર વિધાનસભાનો નગર પંચાયત શાળા નગરપાલિકા ગ્રાઉન્ડ વિસાવદર ખાતે, ૮૮- કેશોદ વિધાનસભાનો આહિર સમાજ વાડી, કેશોદ ખાતે અને ૮૯-માંગરોળ વિધાનસભાનો ટાવર ચોક ક્રિકેટ ગ્રાઉંડ, માંગરોળ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમોમા જૂનાગઢ જિલ્લામાં જુદી-જુદી આવાસ યોજના હેઠળ કુલ-૧૭૧૨ આવાસોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી બનાસકાંઠાના ડીસાથી વર્ચ્યુઅલ માધ્યમથી રૂા.૨,૯૯૩ કરોડના ખર્ચે કુલ ૧,૩૧,૪૫૪ આવાસોનુ લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે. આવાસ અર્પણના આ ઐતિહાસિક કાર્યક્રમમાં ૧૮૨ ગુજરાત વિધાનસભા ક્ષેત્રો જોડાયા છે.

# જૂનાગઢની હયાત રેલ્વે લાઈનને પ્લાસવાથી શાપુર જોડવાની માંગણી અંગે સાનુકુળ પ્રતિભાવ આપતા વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર

## જૂનાગઢ રેલ્વે સ્ટેશનના આધુનિકરણની કામગીરી પણ ટુંક સમયમાં શરૂ થાય તેવા નિર્દેશો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરને તાજેતરમાં પ્લાસવા-શાપુર રેલ જોડાણ સમિતિના અગ્રણીઓ મળ્યા હતા અને હયાત રેલ્વે લાઈનને પ્લાસવાથી શાપુર જોડી દેવાની માંગણી અંગે રજુઆતો કરવામાં આવતા જનરલ મેનેજર દ્વારા સાનુકુળ પ્રતિભાવ આપવામાં આવેલ છે. આ ઉપરાંત અગ્રણીઓએ જૂનાગઢ રેલ્વે સ્ટેશનના આધુનિકરણની કામગીરી પણ વહેલી તકે શરૂ કરવા રજુઆત કરી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, વેસ્ટર્ન રેલવેના જી.એમ. અશોક મિશ્રાની બોટાદ રેલ્વે સ્ટેશનની ખાસ વિઝીટને ધ્યાને રાખીને ZRUCC મેમ્બર કમલેશભાઈ શાહ તથા સંજયભાઈ પુરોહિતના પ્રયાસ થકી પ્લાસવા-શાપુર રેલ જોડાણ સમિતિને મુલાકાતનો સમય ફાળવવામાં આવેલ હતો. એ અનુસંધાને પ્લાસવા-શાપુર રેલ જોડાણ સમિતિ વતી એડવોકેટ કે.બી. સંઘવી, રાજુભાઈ જોબનપુત્રા, અમૃતભાઈ દેસાઈ, સંજયભાઈ વગેરેએ હયાત રેલવે લાઈનને પ્લાસવાથી શાપુર જોડી દેવાની માંગણી સંદર્ભે રજૂઆત કરી હતી. જે અંગે જી.એમ. દ્વારા સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો અને આ અંગે સર્વે હાથ ધરવાની હૈયાધારણ આપી હતી. સાથે સાથે સમિતિ દ્વારા આ પ્રશ્ને જૂનાગઢ મુલાકાત માટે આગ્રહ કર્યો હતો જે સહર્ષ સ્વીકારી હતી. આ ઉપરાંત જૂનાગઢ રેલવે સ્ટેશનના આધુનિકરણનું મંજૂર થયેલ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તે અંગે પણ રજુઆત કરી હતી. આ મુલાકાતથી સમિતિની લડતને વધુ એક કદમ આગળ વધવાની તક મળી છે.

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન વિરૂધ્ધ અશોભનીય નિવેદન કરતા તેના વિરોધમાં જૂનાગઢમાં ભાજપ દ્વારા પુતળા દહન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

કોંગેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની "ઓબીસી" અંગે અશોભનીય નિવેદન આપ્યું તેમનાં વિરોધમાં જૂનાગઢ ખાતે ભાજપ દ્વારા પુતળા દહન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચા જૂનાગઢ મહાનગર દ્વારા કાળવા ચોક મોડર્ન ખાતે રાહુલ ગાંધીનું પૂતળાં દહન તેમજ રાહુલ ગાંધી બક્ષીપંચ સમાજની માફી માંગે તે અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ઉપસ્થિત રહેલા પ્રદેશ ઉપાધ્યક્ષ જે.કે. ચાવડા, મહાનગરના મહામંત્રી વિનોદભાઈ ચાંદગેરા, પ્રમુખ વિજયસિંહ ઝાલા, મહામંત્રી પુંજાભાઈ સિસોદિયા, વનરાજભાઈ સુત્રેજા, પોરબંદરના પ્રભારી જેઠાભાઈ ઓડેદરા, ઉપપ્રમુખ હરેશભાઈ ગાગીયા, રમેશભાઈ બાવળીયા, મુન્નાભાઈ ઓડેદરા, મંત્રી શૈલેષભાઈ ભરખડા, વિનોદભાઈ ડાંગર, કિશોરભાઈ ચોટલીયા, વિપુલભાઈ પરમાર, મીડિયા કન્વીનર કેતનભાઈ નાંઢા વગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.



# મેંદરડા તાલુકાના ખીજડીયા ગામે થ્રેસર મશીનમાં તુવેર કાઢવાની કામગીરી દરમ્યાન ટ્રેકટરનું મોટું વ્હીલ છાતી ઉપર ફરી જતા ગંભીર ઈજાથી મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

મેંદરડા તાલુકાના ખીજડીયા ગામે ભીખાભાઈ જેરામભાઈ ભોવાણીની વાડીએ બનેલા બનાવમાં ટ્રેકટરનું મોટું વ્હીલ છાતી ઉપર ફરી જતા ગંભીર ઈજાથી યુવાનનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે મેંદરડા પોલીસે આપેલી વિગત અનુસાર મેંદરડા તાલુકાના ખીજડીયા ગામના ગૌરાંગભાઈ રાજેશભાઈ રાણોલીયા(ઉ.વ.૩૦) ભીખાભાઈ જેરામભાઈ ભોવાણીની વાડીએ થ્રેસર મશીનમાં તુવેર કાઢવા માટે ગયા હતા અને ત્યાં તુવેર કાઢવાનું કામ ચાલુ હતું તે વખતે ગૌરાંગભાઈએ ટ્રેકટર પાસે ઉભા રહી કલચ કરી થ્રેસરના પપ્લરનો ગીયર પાડવા જતા ભુલથી ટ્રેકટરનો ગીયર પડી જતા ટ્રેકટર સાથે જોઈન્ટ કરેલ થ્રેસર સાથે ટ્રેકટર અચાનક ચાલવા લાગતા મરણ જનાર ગૌરાંગભાઈને ટ્રેકટરનો ધક્કો લાગતા પડી જતા ટ્રેકટરનું મોટું વ્હીલ તેની છાતી ઉપર ફરી જતા ગંભીર ઈજાઓ થતા તેઓનું મૃત્યું થયેલ છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢના માર્કેટીંગ યાર્ડમાં રવિવારે પણ તુવેરની આવક ચાલું રહેશે : લેવાયો નિર્ણય

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢના માર્કેટિંગ યાર્ડમાં હાલમાં તુવેરની વિપુલ માત્રામાં આવક થઈ રહી છે. જેને લઈને રવિવારે પણ તુવેરની આવક ચાલુ રાખવાનો નિર્યણ લેવાયો છે. આ અંગે યાર્ડના સેક્રેટરી દિવ્યેશ ગજેરાએ જણાવ્યું છે કે, હાલમાં યાર્ડમાં તુવેરની આવકમાં ભારે વધારો થઈ રહ્યો છે. ત્યારે આવક વધતા રવિવારે પણ લુઝ તુવેરની આવક ચાલુ રખાશે. આગામી રવિવાર ૧૧ ફેબ્રુઆરીના સવારના ૯ થી લઈને બપોરના ૩ વાગ્યા સુધી ખેડૂતો તુવેર યાર્ડમાં લાવી શકશે. લુઝ તુવેરની આવક પહેલા હરરાજીના શેડમાં ઉતારાશે. બાદમાં શેડમાં જગ્યા પૂરી થયે ખુલ્લા ગ્રાઉન્ડમાં તેમજ શેડની બન્ને બાજુ ઉપર ઉતારાશે. જો હવામાન વિભાગની વરસાદની આગાહી હોય તો કમિશન એજન્ટ, વેપારી અને ખેડૂતોએ જણસી બગડે કે પલળે નહિ તેની તકેદારી રાખવી પડશે. માટે ખેડૂતોએ જણસી સુરક્ષિત રહે તે માટે તાલપત્રી કે પ્લાસ્ટિક ઢાંકીને લાવવી. વાહન પ્રવેશ માત્ર ટોકનના આધારે જ મળશે. માટે જણસી લઈને આવનાર ખેડૂત કે વાહન ચાલકે સિક્યુરીટી ગાર્ડ પાસેથી લાઈન બદ્ધ ટોકન મેળવી લેવાના રહેશે. વાહનોની લાઈન માત્ર આવક ગેઈટથી સક્કરબાગ રોડ બાજુ ત્યાર બાદ દોલતપરા ગેઈટ તરફ જ કરવાની રહેશે. ઉપરાંત સિક્યુરીટી દ્વારા જે વ્યવસ્થાની સૂચના થાય તેને ખેડૂતોએ અનુસરવાની રહેશે જેથી ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાઈ. જણસી લાવનાર ખેડૂતોએ કમિશન એજન્ટનો સંપર્ક સાધી, માહિતી મેળવીને બાદમાં જણસી લાવવી અને તે મુજબ વ્યવસ્થાને અનુસરવાનું રહેશે જેથી કોઈ અવ્યવસ્થા ન થાય.

## ખેરા-ભંડુરી રોડ સીમાળા વાડી વિસ્તારમાં જુગાર રમતા છ ઝડપાયા

ચોરવાડ પોલીસે ખેરા-ભંડુરી રોડ સીમાળા વાડી વિસ્તાર પાસે રોડ ઉપર પડતર જમીનમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને ઝડપી લઈ રૂા.૨૨,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912




જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે

હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

ૐ નેચર ક્યોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




"જન-જનનું સ્વસ્થ જીવન ન્યુ ઈન્ડિયાનો દ્રઢ સંકલ્પ છે"

૧૦ ફેબ્રુઆરીનો દિવસ ફાઈલેરિયા વિરૂધ્ધ દેશની લડાઈ માટે મહત્વપૂર્ણ છે. આ દિવસથી સ્વાસ્થયકર્મી આપના ઘરે આવીને ફાઈલેરિયાથી બચાવની દવા આપશે, જરૂર ખાઓ

ફાઈલેરિયા મચ્છરનાં કરડવાથી ફેલાય છે, તેથી સતર્ક રહો. ફાઈલેરિયાથી બચાવની દવાનું સેવન નહી કરવાથી હાથીપગો અને અંડકોષમાં સોજો થઈ શકે છે

દેશભરમાં ૨૦ ફાઈલેરિયા પ્રભાવિત રાજયોમાં હાથીપગાનાં ૬.૦૬ લાખ દર્દીઓ અને અંડકોષ પર સોજા (હાઈડ્રોસીલ)નાં ૧.૧૮ લાખ દર્દી છે*

આ અભિયાન દેશનાં ૧૧ રાજયો (આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, ઓરીસ્સા, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, અને ગુજરાત)નાં ૯૨ જીલ્લામાં આજથી લઈને બે સપ્તાહ સુધી ચાલશે

તમારી નજીકનાં બૂથ પર આ દવાનું સેવન જરૂર કરો. આ દવા સ્વાસ્થયકર્મી તમારા ઘર પર આવીને ખવડાવશે

વધુ જાણકારી માટે તમારા નજીકનાં સ્વાસ્થ્ય કેન્દ્ર અને આશા દીદીનો સંપર્ક કરો

આવો, સૌ સાથે મળીને ભારતને ફાઈલેરિયા મુક્ત બનાવીએ

*પ્રોવિઝનલ આંકડા

cbc 17102/13/0062/2324